**આજનો સુવિચાર**

ધરતી અને ભાગ્યનો એકજ સ્વભાવ છે જેવું વાવશો તેવું ઉગી નીકળશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૯૬ જૂનાગઢ તા.૦૪-૮-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 196, Junagadh : Date : 04 August, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# જ્ઞાનવાપીમાં સર્વેની કામગીરી પુનઃ શરૂ - યુપીમાં હાઈએલર્ટ



વારાણસી તા. ૪

કાનુની અને રાજકીય જંગ વચ્ચે આજથી ફરી એક વખત વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિર સંકુલ સાથે જોડાયેલા જ્ઞાનવાપી મસ્જીદમાં આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયાની ટીમે સવારના ૭ વાગ્યે જ્ઞાનવાપી સંકુલમાં પ્રવેશ કરીને હાઈટેક સાધનોની મદદથી સર્વે શરૂ કર્યો છે તો બીજી તરફ વારાણસી સહિત ઉતરપ્રદેશના સંવેદનશીલ શહેરોમાં હાઈએલર્ટ જાહેર કરી સૂરક્ષા બંદોબસ્ત વધારાયો છે. ગઈકાલે અલ્લાહાબાદ હાઈકોર્ટે અગાઉ અટકેલો સર્વે ફરી શરૂ કરવા લીલીઝંડી આપતા જ આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયાની ટીમ જે કેમ્પ કરીને બેઠી હતી તેણે રાત્રીના જ એક ઉચ્ચ કક્ષાની બેઠકમાં સર્વે કામગીરી અંગેની બ્લુ પ્રિન્ટ બનાવી લીધી હતી અને સવારે પુરતી સુરક્ષા વચ્ચે કાશી વિશ્વનાથ મંદિર સંકુલમાં ભગવાન શિવના દર્શન કરીને ગેઈટ નં.૪થી જ્ઞાનવાપી સંકુલમાં પ્રવેશીને સર્વેની કામગીરી શરૂ કરી છે જે અંદાજે એક પખવાડીયું કે વધુ સમય ચાલશે.

સર્વેના પ્રારંભે જ જીલ્લા કલેકટર તથા પોલીસ કમિશ્નર પણ અહી પહોંચ્યા હતા તથા સંકુલ આસપાસ બેરીકેડ ગોઠવીને લોકોની મુવમેન્ટ મર્યાદીત કરવા નિર્ણય લીધો છે. જો કે આ જ્ઞાનવાપી અંગેનો કેસ અદાલતો સુધી લઈ જનાર મહિલાઓ તથા તેમના ધારાશાસ્ત્રીને પણ અંદર જવાની મંજુરી આપવામાં આવી ન હતી. આજે શુક્રવાર હોવાથી બપોરના નમાઝ સમયે મોટી સંખ્યામાં મુસ્લીમો વિવિધ મસ્જીદોમાં એકત્ર થશે તેનાથી વારાણસી સહિતના સંવેદનશીલ શહેરોમાં આ પ્રકારના ક્ષેત્રોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવાઈ છે. સર્વે ટીમે આ સંકુલનો પુરો નકશો શીટ પર ઉતાર્યા છે. પ્રથમ ચરણમાં બે થી ત્રણ દિવસમાં પરિસરનો નવો નકશો ટેકનોલોજી આધારે બનાવાશે અને તેને ભૌગોલિક બાંધકામ અંગે પણ ખ્યાલ આવી શકે તો બાદમાં અદાલતી આદેશની સાવચેતી સાથે ર૬/ર અને કાર્બન ડેટીંગ ટેકનોલોજીથી દિવાલ તથા ફલોટ પર જે હિન્દુ ધર્મ સાથે જોડાયેલા બાંધકામ પ્રતિકૃતિ હોવાનું નિશ્ચીત થયું છે. તેના પુરાવા વૈજ્ઞાનિક ટેકનોલોજી ધોરણે મેળવાશે. એએનઆઈની પુરી ટીમમાં ૩૪ લોકો છે તો વારાણસીમાં આજે પોલીસ અનામત દળ સાથે ફલેગ માર્ચ પણ કર્યો હતો.

## મણિપુરમાં હિંસક ટોળાએ સુરક્ષા ચોકી ઉપર હુમલો કરી ભારે માત્રામાં વિસ્ફોટકો - શસ્ત્રોની લુંટ ચલાવી : હિંસા વધશે

ઈમ્ફાલ તા. ૪

મણિપુરમાં ફરી મોટાપાયે હિંસા થવાની ભીતિ સેવાઈ રહી છે. ભીડે મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં બે સુરક્ષાચોકીઓ પર હુમલો કરી તોડફોડ મચાવીહતી અને ત્યારબાદ ભારે માત્રામાં હથિયારો અને વિસ્ફોટકો લૂંટી લેવાયા હતા. પોલીસે જ આ માહિતી આપી હતી.

હથિયારધારી હુમલાખોરોએ જ્યારે હુમલો કર્યો તો અથડામણમાં બિષ્ણુપુર જિલ્લાના કૌટ્રૂકમાં એક સુરક્ષાકર્મી મૃત્યુ પામ્યો હતો. ગુરુવારે મોડી રાતે મણિપુર પોલીસે આ મામલે એક નિવેદન જાહેર કર્યું હતું અને તેમાં જણાવ્યું કે ભીડે બિષ્ણુપુરમાં મણિપુર સશસ્ત્ર પોલીસની બીજી બટાલિયનના કીરેનફાબી પોલીસ ચોકરી અને થંગલાવઈ પોલીસ ચોકી પર હુમલો કરી દીધો અને ભારે માત્રામાં હથિયારોઅને વિસ્ફોટકો લૂંટી લીધા હતા.

પુરુષો અને મહિલાઓની આક્રમક ભીડે બિષ્ણુપુર જિલ્લામાં આવેલા હિંગાંગ પોલીસ સ્ટેશન અને સિંગજામેઈ પોલીસ સ્ટેશનને પણ નિશાન બનાવાને ત્યાંથી હથિયારો અને વિસ્ફોટકો લૂંટવા પ્રયાસ કર્યોહતો પરંતુ સુરક્ષાદળોએ મજબૂત કાર્યવાહી કરી તેમને ભગાડચા હતા. નિવેદનમાં જણાવાયું કે હથિયારધારી હુમલાખોરો અને સુરક્ષાદળોની અથડામણમાં કૌટ્રૂક, હરઓથેલઅને સેનજામ ચિરાંગ વિસ્તારમાં ગોળીબારની ઘટના બની હતી જેમાં એક સુરક્ષાકર્મી સહિત બે લોકોને ગોળી વાગતા ઘવાયા હતા.

## મોદી સરનેમ માનહાની કેસમાં આજે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી શરૂ : રાહુલ ગાંધીને રાહત મળશે કે નહી ?

નવી દિલ્હી તા. ૪

મોદી સરનેમ માનહાનિ કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થવાની છે. આવી સ્થિતિમાં હવે સવાલ એ છે કે શું રાહુલ ગાંધી સુપ્રિમ કોર્ટથી નિરાશા સાંપડશે કે પછી કોર્ટ તેમને આપવામાં આવેલી સજા પર સ્ટે આપી દેશે ? જો સુપ્રિમ કોર્ટ રાહુલ ગાંધીની સજા પર રોક લગાવે તો તેમનું સંસદ સભ્યપદ પુનઃસ્થાપિત થઈ જશે. જો કોર્ટ રાહુલ ગાંધીની સજા પર સ્ટે નહીં મૂકે તો તેઓ સંસદમાંથી અયોગ્ય જ રહેશે અને તે આગળની ચૂંટણી પણ લડી શકશે નહીં. જો આમ થશે તો ચૂંટણી પંચ રાહુલ ગાંધીની વાયનાડ બેઠક પર પણ પેટાચૂંટણી યોજશે. જોકે, આ નિર્ણયથી રાહુલ ગાંધીની બે વર્ષની સજામાં કોઈ ફરક નહીં પડે. કારણ કે ગુજરાત હાઈકોર્ટે તેના પર સ્ટે મૂક્યો છે. થોડા દિવસો પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર મોદી સરનેમ માનહાનિવાળી ટિપ્પણી બદલ માફી માંગવાનો ઈનકાર કરી દીધોહતો. જોકે, રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટને તેમની ટિપ્પણીથી ઉદ્ભવતા ગુનાહિત માનહાનિના કેસમાં તેમની સજા પર રોક લગાવવા વિનંતી કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ દોષિત નથી. ભાજપના નેતા અને ગુજરાતના પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ ૨૦૧૯ માં ગાંધી વિરુદ્ધ તેમની એ ટિપ્પણી પર માનહાનિનો કેસ દાખલ કર્યો હતો કે "બધા ચોરોની સરનેમ મોદી જ કેમ હોય?" ૧૩ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ કર્ણાટકના કોલારમાં એક ચૂંટણી રેલી દરમિયાન રાહુલ ગાંધીએ આ ટિપ્પણી કરીહતી.

## ૨૦૨૪માં ભાજપ ઈવીએમ હેક કરી લેશે મમતા બેનર્જીનાં દાવાથી સનસનાટી

કોલકતા તા.૪ : મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો કે ભારતીય જનતા પાર્ટી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન હેક કરવાની યોજના બનાવી રહી છે.

રાજ્ય સચિવાલયમાં એક પત્રકાર પરિષદને સંબોધન કરતી વખતે મમતા બેનર્જીએ કહ્યું કે તેઓએ (ભાજપ) તેમની યોજના શરૂ કરી દીધી છે. તેઓ ઈલેક્ટ્રોનિક મશીનોને હેક કરવા માટે વિવિધ વ્યવસ્થા કરી રહ્યા છે. અમને આવી માહિતી મળી છે અને કેટલાક પુરાવા પણ મળ્યા છે. અમે વધુ શોધી રહ્યા છીએ. ભારત ગઠબંધનના સભ્યોની આગામી બેઠકમાં આ અંગે ચર્ચા કરવામાં આવશે.

મમતા બેનર્જીએ નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ) પર પણ પ્રહાર કરતા કહ્યું હતું કે તેના મોટાભાગના સભ્યો ત્યાંથી નીકળી ગયા છે. તેમણે દાવો કર્યો કે વિપક્ષી ગઠબંધન લોકસભા ચૂંટણી જીતશે. દિલ્હી ભારતની રાજધાની છે. અમે દિલ્હી જીતવા જઈ રહ્યા છીએ. દેશને આપત્તિ, સાંપ્રદાયિક તણાવ અને બેરોજગારીથી બચાવવા માટે ભારત ગઠબંધનની રચના કરવામાં આવી હતી. અમારું ભારત (ગઠબંધન) નવું છે અને અમે આખા દેશમાં હાજર છીએ. અલબત્ત, અમે સરકાર બનાવીશું.

## સિરીયામાં આઈએસનાં ટોચના નેતા અબુનો ખાત્મો

બૈરૂત તા.૪ : વિશ્વનાં સૌથી ખતરનાક ગણાતા આતંકવાદી સંગઠન ઈસ્લામીક સ્ટેટ (આઈએસ)નો ટોચનો નેતા અબુ અલ-હુસૈન અલ હુસૈની ચાલ કુરૈશી સીરીયામાં અથડામણમાં ઠાર થયો છે. ઉતર પશ્ચીમી સીરીયામાં કટ્ટરવાદી સંગઠન હયાત તહરીર અલ-શામનાં વિદ્રોહીઓ સાથેની સીધી અથડામણમાં આઈએસનો ટોચનો નેતા અબુ અલ હુસૈન હણાયો હતો. આઈએસનાં પ્રવકતાએ જ આ વાતની પુષ્ટિ કરી હતી. આઈએસમાં પાંચમા નંબરનુ સ્થાન ધરાવતા અબુ અલ હુસૈનનાં સ્થાને હવે અબી હાસનની નીમણુંક કરવામાં આવી છે.

## ટમેટા હવે મૂલ્યવાન વસ્તુ થઈ ગઈ છે જીપીએસ લાગેલા ટ્રકમાં જ હેરાફેરી

નવી દિલ્હી તા. ૪

દેશમાં ટમેટાના ભાવમાં તિવ્ર વધારાથી હવે તે ખૂબજ મુલ્યવાન ચીજ બની ગઈ છે અને કર્ણાટક સહિતના માર્કેટયાર્ડમાં ટમેટાના જથ્થાબંધ વેપારીઓ ખરીદી બાદ જીપીએસથી સજજ ટ્રકમાંજ ટમેટાની હેરફેર કરવા અને તેની સાથે ખાસ પોતાના વિશ્વાસુને ટ્રકમાં સાથે રાખવા લાગ્યા છે છતાં પણ ટમેટાની લુટ-ચોરી અને ટમેટા ઉત્પાદકોને લુટવાની ઘટનાઓ બનવા લાગી છે.

દેશમાં ટમેટાના ભાવ આસમાને પહોચતા એક તરફ ટમેટા ઉગાડતા ખેડુતો રાતોરાત લખપતિ બની રહયા છે.

તો બીજી તરફ હવે આ ખેડુતો અને ટમેટા વેચતા વેપારીઓ માલદાર હશે જ તેમ માની તેમના પરલુટ સહિતના હુમલા થવા લાગ્યા છે. આંધ્રપ્રદેશમાં એક ટમેટા ઉત્પાદક ખેડુતને પાંચ લોકોએ આંતરીને તેની પાસેથી રૂા.૪.૫૦ લાખની રોકડ લુટી ગયા હતા. તેણે આ રકમ ટમેટા વેચીને કમાઈ હતી અને વધુ ટમેટા વેચવા રાજયના ચિતુર જીલ્લાના પાલાનેમારૂની માર્કેટમાં જઈ રહ્યો હતો તો તે સમયે પાંચ લોકોએ તેના પર બીયર બોટલથી હુમલો કરી ઘાયલ કરી તેની પાસેથી રૂા.૪.૫૦ લાખની રોકડ લુટી તમામ લોકો નાસી છુટયા હતા

તો બીજી તરફ કર્ણાટકના કોલાર માર્કેટ યાર્ડથી જયપુર રૂા.૨૦ લાખના ટમેટા સાથે નિકળેલો ટ્રક ગુમ થઈ જતા તેના માલીક હવે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તા.૨૭ના આ ટ્રક ટમેટાની હેરફેર માટે ભાડે રાખ્યા હતા. બે વ્યાપારીએ ૧૫ કિલોના બોક્ષમાં રૂા.૨૦ લાખની કિંમતના ટમેટા ખરીદી ટ્રકમાં લોડ કર્યા હતા જેમાં જીપીએસ પણ હતું અને પોલીસના જણાવ્યા મુજબ ટ્રકમાં જીપીએસ લગાવ્યું હતું અને તે ૧૬૦૦ કિમી સુધી પ્રવાસ બાદ ગુમ થયો છે તો તેલંગાણાના ટમેટા ભરેલો એક ટ્રક પલટી ખાઈ જતા લોકો ટમેટા લુટશે તેવા ભયથી તાત્કાલીક પોલીસ બોલાવીને ટ્રકના ટમેટા સુરક્ષિત કરાયા હતા.

## કેદારનાથનાં ગૌરીકુંડમાં ભૂસ્ખલન ભારે તારાજી : ૧૩ લોકો લાપત્તા

નવી દિલ્હી તા.૪ : ગુજરાત સહીત દેશના કેટલાંક રાજયોમાં વરસાદનું જોર ધીમુ પડ્યુ હોવાછતાં ઉતરાખંડ હિમાચલ રાજયોમાં મેઘરાજાનો કહેર યથાવત રહ્યો છે. કેદારનાથમાં આકાશમાંથી આફત વરસતા ૧૩ લોકો લાપતા બન્યા હતા. કેદારના યાત્રાના મુખ્ય પડાવ ગૌરીકુંડમાં ભયાનક વરસાદ બાદ ભૂસ્ખલનથી ભારે તારાજી સર્જાઈ હતી.

પહાડો પરથી પથ્થરો ધસી આવતા અનેક દુકાનો તણાઈ ગઈ હતી અને ૧૩ લોકો લાપતા બન્યા હતા. જેઓની એનડીઆરએફ દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી છે. સતાવાર સુત્રોએ કહ્યુ કે મોડીરાત્રે આસમાની આફત વરસી હતી. રાત્રે જ બચાવ રાહત ટુકડીઓને મોકલવામાં આવી હતી. પરંતુ ભયંકર વરસાદ તથા પથ્થરો પડતા હોવાથી રેસ્કયુ ઓપરેશન શકય બન્યુ ન હતું આજે સવારતી લાપતા લોકોની શોધખોળ શરૂ કરી દેવામાં આવી હતી. ઉતરાખંડમાં પહાડથી માંડીને મેદાની ક્ષેત્રો સુધી ભારે વરસાદ પડી રહયો છે.

હવામાન વિભાગ દ્વારા દેહરાદુન, હરીદ્વાર, પૌડી, નૈનિતાલ, ચંપાવત, ચમોલી, બાગેશ્ર્વરધામમાં ભારે વરસાદનુ એલર્ટ જારી કરાયું છે. બીજી તરફ હિમાચલમાં પણ મેઘમહેર યથાવત રહ્યો છે. કાલકા-સીમલા સહીત ૩૩૦ માર્ગો પર પરિવહન ઠપ્પ રહ્યું છે. ચોમાસાનાં ૪૧ દિવસમાં રાજયમાં ૨૦૦ લોકોનો ભોગ લેવાયો છે.જયારે ૩૧ લોકો લાપતા બન્યા છે. હવામાન વિભાગ દ્વારા રાજયમાં હજુ ભારે વરસાદનો દોર જારી રહેવાની આગાહી કરવામાં આવી છે.મેઘ કહેરથી કેટલાંક ભાગોમાં પૂર સ્થિતિ છે અને ઠેકઠેકાણે ભૂસ્ખલનથી ૩૩૦ માર્ગો બંધ છે.

## ઓનલાઈન ગેમિંગ - કેસિનોથી સરકારને રૂા.૧૯ હજાર કરોડની ટેક્ષની આવક થશે

નવી દિલ્હી, તા.૪:

ઓનલાઈન ગેમીંગ ઉદ્યોગને કેટલીક રાહતો આપવા છતાં કેન્દ્ર સરકાર ચાલુ નાણાંકીય ઈ-ગેમીંગ, કેસીનો અને રેસીંગ પર ૨૮ ટકા કર લગાવવાના નિર્ણયથી ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન જીએસટીના રૂપમાં ૧૯૦૦૦ કરોડ રૂપિયાથી વધારે રાજસ્વ મળવાની આશા રાખી રહી છે. નવો નિયમ ૧ ઓકટોબરથી લાગુ થવાનો છે. સરકારના આ અંદાજ અંગે માહિતી આપતા એક સીનીયર અધિકારીએ કહ્યું, અંદાજીત રાજસ્વ એ વાત પર નિર્ભર રહેશે કે નવા દર બાબતે કેટલી માંગ જળવાઈ રહે છે. આ અંદાજ ગેમીંગ ઉદ્યોગના કુલ કારોબારના આધાર પર છે. કારોબારમાં એકવાર કરાયેલ ચૂકવણી સામેલ છે.

## ઈલાજનાં નામે મહિલાઓ સાથે ગંદી હરકત કરતા નરાધમ બાબાનો વિડીયો વાયરલ થતાં ખળભળાટ

નવી દિલ્હી તા. ૪

અંધશ્રદ્ધામાં ડૂબેલો માણસ કંઈ પણ કરતા અચકાતો નથી પછી ભલેને તેનું ખરાબ થતું હોય !! મહિલાઓ પણ અંધશ્રદ્ધામાં ઊંડી પરોવાયેલી છે અને ઈલાજને નામે બાબાઓ તેમનું યૌન શૌષણ કરી લે તો પણ તે ખુશીથી આવું કરવાની મંજૂરી આપે છે.

વધુ એક વાર માર્કેટમાં આવા ઢોંગી, ઐયાશ નવા બાબા આવ્યાં છે જેઓ સારવારને નામે મહિલાઓ સાથે ગંદી હરકત કરી રહેલા જોઈ શકાય છે. એક અંતરંગી અને ઢોંગી બાબાનો આવો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

વાયરલ થઈ રહેલા આ વીડિયોનીમાં એક બાબા મહિલાઓ સાથે વિચિત્ર અને ગંદી હરકતો કરતા જોવા મળે છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ બાબા આવા લોકોની સારવાર કરે છે અને તેમને કોઈપણ પ્રકારની બીમારી દૂર કરે છે. વીડિયોમાં તમે જોઈ શકો છો કે બાબા એક મહિલાના કાનમાં ફૂંક મારી રહ્યા છે અને કોઈની છાતી પર હથોડી મારી રહ્યા છે. આ ઢોંગી બાબો મહિલાઓના પેટનો નીચેનો ભાગ અજીબ રીતે વારંવાર હાથ વડે પકડી રહ્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વ્યકિત ગુલાબી પોશાકમાં મહિલા સાથે તેની બિમારીઓ વિશે પણ વાત કરી રહ્યો છે.

## રાજકોટથી ઝડપાયેલા ત્રણ આતંકવાદીઓ આઈએસનાં બાંગ્લાદેશ સ્થિત હેન્ડલર અબુતલ્હાનાં સંપર્કમાં હોવાનો ખુલાસો

નવી દિલ્હી, તા.૪: તાજેતરમાં ઝડપાયેલા અલ કાયદાના ટોચના ત્રાસવાદી અબુ તાલ્હા અને રાજકોટથી ઝડપાયેલા ૩ આતંકીઓ એકબીજાના સંપર્કમાં હોવાનું ખુલ્યુ છે.

અલકાયદાના ગુજરાત મોડયુલનો મેઈન હેન્ડલર અબુ તલ્હાને બાંગ્લાદેશની લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ હાલમાં ઝડપી લીધો છે. અબુ તાલ્હા અલ કાયદાનો મોસ્ટ વોન્ટેડ આતંકી છે અને અલકાયદાના ગુજરાતના વિવિધ મોડયુલોનો મેઈન હેન્ડલર છે ગુજરાત એટીએસે ગૃહમંત્રાલય અને વિદેશ મંત્રાલયના સહકરથી તેને ગુજરાત પાછો લાવવા માટેની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તાલ્હાને ગુજરાત લાવવાની કાયદાકીય પ્રક્રિયાઓ પુરી થવામાં થોડો સમય લાગી શકે છે. એટીએસના અધિકારીઓનું માનવુ છે કે તેની પૂછપરછથી માત્ર ગુજરાત જ નહીં પણ દેશના અન્ય ભાગોમાં ચાલતા અલકાયદના મોડયુલાનો માહિતી પણ બહાર આવશે.



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :



- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**લેવા-વેચવા**

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

**મયંક એસ્ટેટ બ્રોકર**
**રસિકભાઈ પટેલ**
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# સોમનાથ મંદિર ટ્રસ્ટએ શ્રીકૃષ્ણ દેહોત્સર્ગ ભૂમિ ગોલોકધામ ખાતે યાત્રી કેન્દ્રિત સુવિધાઓ વિકસાવી

**સોમનાથ મંદિરથી ગોલોકધામ પહોંચાડવા "દર કલાકે બસ સેવા"નો પ્રારંભ કરવામાં આવ્યો રૂા.૨૧ ન્યોછાવર કરીને ભક્તો કરી શકે છે શ્રી કૃષ્ણની અંતિમ ચરણપાદુકાનું પૂજન અભિષેક**










(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૪

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ જ્યાં બિરાજમાન છે જે તીર્થ ક્ષેત્રમાંથી ભગવાન શ્રી કૃષ્ણએ પોતાની માનવ લીલાને વિરામ આપી વૈકુંઠ ધામ ગયેલ તેવા પ્રભાસ તીર્થમાં આવનાર ભક્તો માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા યાત્રીલક્ષી સુવિધાઓમાં સતત વૃદ્ધિ કરવામાં આવી રહી છે. ત્યારે સોમનાથ મહાદેવના દર્શને આવનાર ભકતો ગોલોકધામ તીર્થનો અચૂક લાભ લઈ શકે તેના માટે ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર દેસાઈના માર્ગદર્શનમાં આયોજનબદ્ધ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. સોમનાથ મંદિર થી ગોલોકધામ તીર્થ સુધી પ્રત્યેક કલાકે બસની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેથી આવનાર ભક્તો સરળતાથી ગોલોકધામ પહોંચી શકે છે. આ બસ સેવાનો ટ્રસ્ટી જે.ડી પરમારના હસ્તે સોમનાથ મંદિર બહારથી કેસરી ધ્વજ ફરકાવીને પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ગોલોકધામ તીર્થ ખાતે યાત્રી કેન્દ્રીય સુવિધાઓમાં વધારો કરીને સોમનાથ ટ્રસ્ટ દ્વારા તીર્થધામ ને ભજન ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ બનાવવામાં આવ્યું છે. અત્રે આવનાર શ્રદ્ધાળુઓ ભગવાન શ્રીબ કૃષ્ણની ચરણપાદુકાનું પૂજન અને અભિષેક કરી શકે તેના માટે વિશેષ પૂજાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પૂજામાં માત્ર ૨૧ રૂપિયા ન્યોછાવર કરીને ભકતો વેદોકત વિધિ વિધાનથી શ્રીકૃષ્ણ ભગવાનની ચરણ પાદુકાનું પૂજન કરી શકે છે આ ઉપરાંત તેમને ઠાકોરજીને પ્રિય ઠોરની પ્રસાદી પણ આપવામાં આવે છે. ભગવાન શ્રી વિષ્ણુના ૨૪ અવતાર વિશે આવનાર ભકતો જ્ઞાન અને માહિતી મેળવી શકે તેના માટે પ્રાચીન લક્ષ્મીનારાયણ મંદિર ખાતે ૨૪ અવતાર ગેલેરી તૈયાર કરાય છે મંદિરની ઉપરની તરફ સમગ્ર આકાશ ગંગા લગાવીને આકાશગંગા અને તેના ગ્રહો વિશે માહિતી મેળવી શકાય તે રીતે આકાશ ગંગા ગેલેરીનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. તીર્થમાં ધાર્મિક કાર્યક્રમો પણ અહર્નિશ ચાલી રહ્યા છે. સવારના શ્રી ગીતામંદિર ખાતે શ્રીમદ ભાગવત ગીતાનું સંપૂર્ણ પઠન સંસ્કૃત ઉપાસક ઋષિ કુમારો દ્વારા કરવામાં આવે છે. સત્ય નારાયણ ભગવાનની કથા, સંધ્યા આરતી કરવામાં આવે છે.

# સોમનાથ મંદિર ખાતે સુરક્ષાની તકેદારીનાં ભાગરૂપે મોકડ્રીલ યોજાઈ





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૪

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથ મંદિર પાસે એક થેલો પડેલ હોવાની જાણ અજાણ્યા શખ્સ દ્વારા પોલીસને જાણ કરાતા તાત્કાલીક સ્થળ ઉપર પહોંચી તપાસ કરતા થેલામાં કાંઈ વાંધાજનક ન હોવાથી રાહતનો શ્વાસ લીધેલ હતો અને એસ.પી. દ્વારા સ્ટાફની ચપળતા તપાસવા આ મોકડ્રીલ કરેલ હોવાનું જાહેર કરેલ હતુ. પ્રથમ જયોતિલીંગ સોમનાથ મહાદેવ મંદિર ઝેડ પ્લસ સુરક્ષા હેઠળ હોય ત્યારે સોમનાથ મહાદેવ મંદિરની સામે આવેલ સોપીંગ સેન્ટરની બાજુના પાર્કીંગમાં એક ઝોમેટાના થેલામાં કંઈક શંકાસ્પદ બોમ્બ જેવી ટીક ટીક અવાજ કરતી વસ્તુ પડેલ હોવાની જાણ અજાણ્યા વ્યકિતએ જીલ્લા પોલીસના કન્ટ્રોલરૂમમાં કરતા ઈન્ચાર્જ પોલીસ વડા એ.એસ.પી. જીતેન્દ્ર અગ્રવાલના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પી.આઈ. એ.બી.જાડેજા સહીતનો સ્ટાફ તથા મંદિર સુરક્ષામાં રહેલા પી.આઈ. એચ.આર.ગૌસ્વમી, પ્રભાસ પાટણ પી.એસ.આઈ. એ.એમ.મકવાણા, બીડીએસ સ્કવોડ, કયુઆરટી સ્કવોડ સહીતના તાબડતોબ સ્થળ ઉપર પહોંચેલ હતા અને સ્થળ ઉપરથી લોકોને દુર કરી બીડીએસ દ્વારા થેલાનું ચેકીંગ કરતા તેમાંથી કાંઇ વાંધાજનક મળી આવેલ ન હોય જેથી પોલીસ તંત્ર અને આજુબાજુના લોકોએ હાશકારો અનુભવેલ હતો અને આ અંગેની જાણ જીલ્લા પોલીસ કચેરીમાં કરતા એસ.પી. દ્વારા આ મોકડ્રીલ યોજેલ અને જેમાં સ્ટાફની ચપળતા, ઝડપી કામગીરી અને સજાગતાની ખરાઈ કરાયેલ હતી.

# અધિક માસમાં ઠાકોરજીને કાલાવાલા કરતી દિવ મોઢ મહિલા મંડળની ગોપીઓ

**ગિરિરાજધરણને વિવિધ સામગ્રીનો અન્નકૂટ ધરાવી સાથે ભજન કીર્તન થી વાતાવરણ ભક્તિમય બન્યુ હતુ**

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૪

હાલ અધિક માસ ચાલી રહ્યો છે. આ માસ દરમિયાન હવેલી સહિતના મંદિરોમાં વિવિધ મનોરથો ઉત્સવો કરવામાં આવે છે. અધિક માસ એટલે વૈષ્ણવ સંપ્રદાયમાં મનોરથનો માસ એમ કહેવાય છે. વૈષ્ણવ દ્વારા ઠાકોરજીને વિવિધ રીતે લાડ લડાવવામાં આવે છે. ત્યારે દિવની મોઢ મહિલા મંડળની બહેનો દ્વારા કૃષ્ણ ભગવાન ને અન્નકૂટ મા વિવિધ સામગ્રીઓ ધરાવવામાં આવી હતી. શ્રી બાલકૃષ્ણ લાલને હિંડોળે ઝુલાવવાની સાથે પ્રતીક રૂપે નાનકડા ગિરિરાજ પર્વત બનવવામાં આવ્યા હતા. સાથે મંડળની બહેનોએ ભજન કીર્તન ની રમઝટ બોલાવી હતી જેથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું. મંડળની બહેનોએ તેના પરિવાર સાથે સામૂહિક પ્રસાદ ભોજન પણ આરોગ્યુ હતુ.

જયારે સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણએ નિહાળ્યું કે વ્રજવાસીઓ ઈન્દ્રયજ્ઞ કરી રહ્યા છે. ત્યારે ભગવાનશ્રી કૃષ્ણ એ કહ્યું કે તેઓએ ઈન્દ્રની પૂજા છોડી દઈને ગોવર્ધન પર્વતની પૂજા કરવી જોઈએ. આ વાત જાણીને ઈન્દ્ર ક્રોધીત થાય છે અને વ્રજવાસીઓ પર વિનાશકારી વરસાદ વરસાવે છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ડાબા હાથની ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વતને ઉંચકી લે છે અને બધા વ્રજવાસીઓને તેની છાયામાં સતત સાત દિવસ સુધી આશ્રય આપે છે. આ પ્રસંગને શ્રીમદ્ ભાગવતના દશમાં સ્કંધમાં ગોવર્ધનલીલા તરીકે વર્ણવવામાં આવ્યો છે જેમાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ગોવર્ધન પર્વત એ પોતાનું એક સ્વરૂપ છે અને મારા સમાન જ પૂજનીય છે. સારસ્વત કલ્પના વ્રજવાસીઓએ ગીરીરાજ ગૌવર્ધનને અન્નકૂટ સામગ્રીનો ભોગ ધરાવ્યો હતો. તે ભાવથી આજે પણ ભક્તો દ્વારા આ દર્શનનું આયોજન કરવામાં આવે છે.

અને આવા જ ભાવ સાથે દીવ મોઢ મહિલા મંડળની બહેનો ડોકટર શાંતિલાલ શાહના ના પ્લોટ મા દ્વારા ગીરીરાજ પૂજા સાથે અન્નકૂટ દર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ નુ આયોજન તેમજ સમગ્ર વ્યવસ્થા દીવ મોઢ મહિલા મંડળના પ્રમુખ વિનયબેન એલ. શાહ, ઉપપ્રમુખ સેજલબેન પારેખ તેમજ મૃદુલાબેન એસ. શાહ દ્વારા કરવામાં આવ્યુ હતુ. મંડળની સર્વે બહેનોએ આ ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉત્સવ ના અંતે પ્રમુખ વિનયબેન એલ શાહે સર્વે મેમ્બરોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢ જિલ્લાના કેશોદમાં શિવમ્ ચક્ષુદાન આરેણા તેમજ ભારત વિકાસ પરિષદ કેશોદના માધ્યમથી જોષી પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન



જૂનાગઢ તા. ૪

જૂનાગઢ જિલ્લાના કેશોદમાં એરપોર્ટ રોડ, ઓસ્કાર એરલાઈન્સ સામે રહેતા સ્વ. રતિલાલભાઈ જેઠાલાલભાઈ જોષી (ઉ.વર્ષ.૮૮) કે જેઓ પિયુષભાઈ જોષીના પિતાશ્રી થાય છે. તેમનું તા.૦૩.૦૮.૨૦૨૩ ને ગુરૂવાર, અધિકમાસ વદ બીજના રોજ ઉંમરના કારણે દુઃખદ અવસાન થયેલ છે.

આ સમયે તેમના પરિવાર દ્વારા સદગતના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવતાં, રઘુવંશી હોસ્પિટલના ડૉ.સ્નેહલ તન્ના સાહેબ તથા મુકેશભાઈ સાતા દ્વારા આરેણા સ્થિત શિવમ્ ચક્ષુદાન સલાહકેંદ્રના સંચાલક નાથાભાઈ નંદાણિયાને જાણ કરવામાં આવી હતી. આથી નેત્ર કલેક્શન માટે શીલ પી.એચ.સી.સેન્ટરના ગોવિંદભાઈ વાળા દ્વારા સદગતના નેત્રનું કલેકશન કરવામાં આવ્યું હતું. અને આ ચક્ષુનો સ્વિકાર ભારત વિકાસ પરિષદ કેશોદ શાખાના કારોબારી મિત્રો ડૉ.સ્નેહલ તન્ના, મહાવીરસિંહ જાડેજા, દિનેશભાઈ કાનાબાર, જગમાલભાઈ નંદાણિયા, નિશાંતભાઈ પુરોહિત અને શિવમ્ ચક્ષુદાન આરેણાના સચિનભાઈ જોટવા દ્વારા કરવામાં આવ્યો હતો. આ સમયે તેમના પરિવારજનો, કુટુંબીજનો, સગા સ્નેહીજનો તેમજ સ્વ.રતિલાલભાઈના જમાઈ જયેશભાઈ દવે પ્રેરક ઉપસ્થિત રહી સહકાર આપેલ. સ્વર્ગસ્થ રતિલાલભાઈના બંન્ને ચક્ષુ ડૉ.થાનકી સાહેબની મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ, જિ.ગીર સોમનાથને કરશનભાઈ વાજા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. જોશી પરિવારના ચક્ષુદાનના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.રતિલાલભાઈને શ્રધ્ધાંજલી અર્પે છે આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાનધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે.

# અધિક શ્રાવણ માસના પવિત્ર શુક્રવાર નિમિત્તો શ્રીકષ્ટભંજનદેવ દાદાને કલરફૂલ ફુલોનો દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા. ૪

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી અધિકમાસના પવિત્ર શુક્રવારે તા.૦૪-૦૮-૨૦૨૩ ના રોજ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય વાઘા તેમજ કલરફૂલ ફુલોનો દિવ્ય શણગાર એવં ફળનો અન્નકૂટ ધરાવવામાં આવેલ એવં સવારે ૦૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. અધિક શ્રાવણ માસ દરમિયાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાનનુ આયોજન કરવામાં આવેલ. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ છે.

# અમરેલીમાં એક તોફાની વિદ્યાર્થીને કારણે પ્રાથમિક શાળાને તાળા મારવાનો વારો આવ્યો

અમરેલી, તા.૪

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાનું બાઢડા ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ અને શિક્ષકોનો આરોપ છે કે ધોરણ છ માં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી તોફાની હોવાને કારણે વાલીઓ અને શિક્ષકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે ત્યારે બાઢડા પે સેન્ટર શાળાએ મોટી સંખ્યામાં વાલીઓ સવારે આવી પહોંચ્યા હતા. શાળા ખુલતાની સાથે જ વાલીઓએ શાળાને તાળાબંધી કરી હતી.

ધોરણ છ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી શિક્ષકો સાથે ગેરવર્તન કરે છે અન્ય વિદ્યાર્થીઓ સાથે મારપીટ કરે છે. છેલ્લા એક મહિનાથી આ પ્રકારની ફરિયાદ ઉઠી છે તે બાબતે વાલીઓએ અનેક રજૂઆતો કરી છે છતાં કોઈ નિરાકરણ નહીં આવતા રોષ સાથે વાલીઓ શાળાએ આવી અને તાળાબંધી કરી હતી. સ્થાનિક પોલીસને જાણ થતાં પોલીસ શાળાએ દોડી આવી હતી.

બાઢડા પે સેન્ટર શાળામાં ધોરણ છ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી તોફાન કરતો હોવાની ફરિયાદ છેલ્લા એક મહિનાથી ઉઠી છે. તેને લઈ અને વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી સુધી ફરિયાદો કરી છે પરંતુ આજ દિવસ સુધી કોઈ પણ પ્રકારનું નિરાકરણ નહીં આવતા અંતે વાલીઓએ પોતાના બાળકોને શાળાએ અભ્યાસ માટે નહીં મોકલવા નિર્ણય લીધો છે.

જ્યાં સુધી તોફાની વિદ્યાર્થીને આ શાળામાંથી ટ્રાન્સફર કરવામાં નહીં આવે ત્યાં સુધી તેમના બાળકોને અભ્યાસ નહીં કરાવે અન્યથા બાળકોના એલસી લઈ બીજી શાળામાં અભ્યાસ કરવા મોકલી દેવા સુધીનો વાલીઓ નિર્ણય લીધો છે.

પે સેન્ટર શાળામાં ફરજ બજાવતા ઈન્ચાર્જ આચાર્યએ

**ધોરણ છ માં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી તોફાની હોવાને કારણે વાલીઓ અને શિક્ષકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે**

જણાવ્યું હતું કે શાળામાં અભ્યાસ કરી રહેલ ધોરણ છ નો વિદ્યાર્થી તોફાની હોવાને કારણે અનેક વિદ્યાર્થીઓ સાથે માર કુટ કરે છે. શાળાની બિલ્ડીંગની અગાસી પર ગમે ત્યારે ચડી જાય છે. તોફાની વિદ્યાર્થી બાબતે શિક્ષણ વિભાગમાં શાળા દ્વારા રજૂઆત કરવામાં આવી છે છતાં આજ દિવસ સુધી કોઈ નિરાકરણ આવેલ નથી. જેના કારણે બાળકોની સલામતી માટે વાલીઓએ પોતાના બાળકોને શાળાએ નહિ મોકલવા માટે નિર્ણય લીધો છે.

# જીલ્લા પંચાયત કચેરીની લિફ્ટ બંધ, અરજદારોને ભારે પરેશાની

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ જીલ્લા પંચાયત કચેરીની લિફ્ટ ઘણા દિવસોથી બંધ હાલતમાં પડી છે. કચેરી ખાતે દરરોજ ઘણા અરજદારો આવતા હોય છે જેમાં વૃધ્ધ વયના પણ હોય છે. પણ તંત્ર દ્વારા કોઈપણ જાતનું મેન્ટેનન્સ કરાવવામાં આવતું નથી. લિફ્ટ રીપેરીંગ કરાવવાને બદલે આડે ટેબલ મુકીને જ રાહત અનુભવી લીધી છે. લોકો બે-ત્રણ માળ ચડીને થાકી જાય છે. જૂનાગઢ જીલ્લાની કચેરીની અંદરની સુવિધામાં જ તંત્રની બેદરકારી સામે આવી રહી છે. તો લોકોને કામમાં કેવી મુશ્કેલી પડતી હશે તેવા અને પ્રશ્નો ઉઠી રહ્યા છે.

# રવિવારે જૂનાગઢ ભવનાથ સ્થિત શનિ મંદિરે પાટોત્સવની ઉજવણી થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આવેલા શનિદેવ મંદિર ખાતે આગામી તા.૬ ના રવિવારના રોજ શનિદેવનો પાટોત્સવ ઉજવનાર છે. મહંત તુલસીનાથ બાપુએ જણાવ્યું હતું કે, રવિવારે પાટોત્સવ નિમિતે સવારે ૮ વાગ્યે ગણપતિ પૂજન અને ૯:૩૦ કલાકે શનિદેવની મહાપૂજા અને અગ્ની સ્થાપન સાથે યજ્ઞનો પ્રારંભ થશે અને બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદ અને બપોરે ૨ વાગ્યે રૂદ્રયાગ મહારૂદ્રની આહુતી અપાશે અને સાંજે ૬ કલાકે બીડુ હોમાશે. આ પાટોત્સવ પ્રસંગે ધર્મપ્રેમી જનતાને લાભ લેવા મહંત તુલસીનાથ બાપુએ જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

# બાળકો-વડીલો વધુ સપડાયા કન્જકિટવાઈટિસનો અમદાવાદમાં કહેર શાળા-કોલેજોની હાજરીમાં ૨૦ ટકાનો ઘટાડો

**ધન્વંતરિ આરોગ્ય રથ અને મોબાઈલ હેલ્થ યુનિટના માધ્યમથી અસરગ્રસ્તોને જરૂરી માર્ગદર્શન અને આરોગ્ય સારવાર પૂરી પાડવામાં આવી રહી છે**

અમદાવાદ, તા.૪

અમદાવાદ સહિત રાજ્યભરમાં કન્જક્ટિવાઈટિસ અને સાદી ભાષામાં આંખ આવવાનો રોગ વકર્યો છે. જેમાં બાળકો અને મોટી ઉંમરના લોકો તેનો સૌથી વધુ ભોગ બની રહ્યા છે. બાળકોમાં આ રોગ મોટા પ્રમાણમાં વકર્યો હોવાના કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. કેટલીક શાળાઓના વર્ગોમાં કન્જક્ટિવાઈટિસના કારણે બાળકોની હાજરી અડધાથી પણ ઓછી જોવા મળી રહી છે. માત્ર શાળાઓ જ નહિ કોલેજોમાં પણ ૧૫થી ૨૦ ટકા હાજરીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. શાળા સંચાલકો પણ આંખમાં સહેજ પણ તકલીફ હોય તેવાં બાળકને શાળાએ ન મોકલવા સૂચના આપી રહ્યા છે. શાળાઓમાં પણ કામચલાઉ કન્જક્ટિવાઈટિસ મેડિકલ ઈમર્જન્સી કાઉન્ટર શરૂ કરવામાં આવી રહ્યાં છે. ખાનગી હોસ્પિટલમાં દર્દીઓની ભીડ વધી રહી છે. સાથે સાથે ચોમાસામાં ભેજયુક્ત વાતાવરણથી અલગ અલગ વાહકજન્ય બીમારીઓ ઝડપથી વધી રહી છે. રોગનો વધુ પડતો ફેલાવો જોતાં તથા રોગની ગંભીરતાને જોતાં સરકારે પણ કોવિડકાળની જેમ જ ધન્વંતરિ રથ ઈમર્જન્સી સહાય માટે મેદાનમાં ઉતાર્યા છે. કન્જક્ટિવાઈટિસ રોગ નાનાં બાળક, સ્કૂલ વિદ્યાર્થીમાં વધુ જોવા મળી રહ્યો છે. આરોગ્ય તંત્ર દ્વારા સર્વે સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આરોગ્ય તંત્રના જણાવ્યા અનુસાર આ રોગને ફેલાતો અટકાવવા સાવચેતી એ જ સાચો ઉપાય છે અને જરા જેટલાં ચિહ્ન પણ દેખાય કે તરત તબીબની સલાહ લેવાનું જણાવવામાં આવી રહ્યું છે. જો કે સરકારી હોસ્પિટલમાં જેટલી પણ સંખ્યામાં કેસ આવી રહ્યા છે, તેમની સારવાર કરવામાં આવી રહી છે. સરકારી હોસ્પિટલ દ્વારા આંખનાં ટીપાં તથા દવાની તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે અને તેમાં દવા કે આંખનાં ટીપાંની કોઈ ઘટ નથી.

# ૩૫૦ જેટલા પશુ માલિકોને નોટિસ અપાઈ ટ્રાફિકમાં અડચણરૂપ બનતા પશુઓને પકડવાની કામગીરી શરૂ

**આ સમસ્યાને દૂર કરવા માટે મનપાએ એક્શન પ્લાન ઘડ્યો છે જામનગર મહાનગરપાલિકાએ પશુ માલિકોની યાદી તૈયાર કરી છે**

જામનગર, તા.૪

જામનગરમાં રખડતા ઢોરનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. જામનગરમાં રખડતા ઢોરની સમસ્યા શહેરીજનો માટે જ નહીં તંત્ર માટે પણ માથાનો દુઃખાવો બની છે. જો કે આ સમસ્યાને દૂર કરવા માટે મનપાએ એકશન પ્લાન ઘડ્યો છે. જામનગર મહાનગરપાલિકાએ પશુ માલિકોની યાદી તૈયાર કરી છે. જામનગર શહેરમાં ૪૦૦ જેટલા પશુ માલિકોની યાદી તૈયાર કરી તે પૈકી ૩૫૦ જેટલા પશુ માલિકોને નોટિસ અપાઈ છે. તંત્રએ ચાર ટીમ બનાવી છે. આ ટીમ ટ્રાફિકમાં અડચણરૂપ બનતા પશુઓને પકડવાની સાથે તેમના માલિકો વિરૂદ્ધ ફરિયાદ નોંધવાની કાર્યવાહી પણ હાથ ધરશે.

# ઉના : વરલી ભકત ઝડપાયો

ઉના તા. ૪

ઊના તાલુકાના સૈયદ રાજપરા ગામે નવાબંદર મરીન પોલીસે જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતો વરજાંભાઈ મસરીભાઈ કામળિયા રે. સૈયદ રાજપરા વાળાને રોકડ રૂા. ૧૯૮૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

# ગીર સોમનાથના ઉના ખાતે થશે સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી



## પ્રભારી મંત્રીશ્રી પરસોત્તમભાઈ સોલંકીના હસ્તે કરાશે ધ્વજવંદન

ગીર સોમનાથ, તા. ૪

ગીર સોમનાથના ઉના ખાતે જિલ્લા કક્ષાના સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત જિલ્લા કલેકટર શ્રી એચ.કે.વઢવાણિયાના માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગના સંકલનથી વહીવટી તંત્ર દ્વારા પૂર્વતૈયારીઓ શરૂ કરી દેવામાંઆવી છે.જિલ્લાકક્ષાનાં ૭૭માં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી પરસોત્તમભાઈ સોલંકી સહિત સાંસદશ્રી અને ધારાસભ્યશ્રી તેમજ અગ્રણીઓની પણ ઉપસ્થિતિ રહેશે.

ઉના-દેલવાડા રોડ ખાતે શાહ એચ.ડી. હાઈસ્કૂલના મેદાનમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે. કલેકટર શ્રી એચ.કે.વઢવાણિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી મિટિંગમાં કલેકટરશ્રીએ જિલ્લાકક્ષાનો કાર્યક્રમ સુનિયોજીત રીતે યોજાય તે અંગે સંબંધિત વિભાગના શીર્ષ અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતાં. તેમજ સાફ-સફાઈ, વૃક્ષારોપણ, વીજ પુરવઠો, પાણી, સહિતની જરૂરી વ્યવસ્થાઓ કરવા માટે નિર્દેશ આપ્યા હતાં. અધિક કલેકટર બી.વી.લિંબાસિયાએ જ્યાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે ત્યાં મેદાનની સ્થિતિ, મંચ તૈયાર કરવો, મહેમાનોને આનુસાંગીક વ્યવસ્થા સહિત અન્ય જરૂરી વ્યવસ્થાઓ કરવા માટે સંબંધિત વિભાગના શીર્ષ અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં કાર્યપાલક ઈજનેરશ્રી (સ્ટેટ) એસ.ડી.મકવાણા, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી જીતેન્દ્ર અગ્રવાલ, પુરવઠા અધિકારી શ્રી રાહુલ ગમારા, જિલ્લાપ્રાથમિક શિક્ષણઅધિકારી એચ.કે.વાજા, સહાયક પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી વાય. એચ. સરવૈયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.ડી.મકવાણા, પ્રાંત અધિકારી કે.વી.બાટી, મામલતદારશ્રીઓ તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને પીજીવીસીએલ, વનવિભાગ, આરોગ્ય, સહિતના સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોફી વિથ કલેક્ટરઃ જિલ્લા કલેક્ટર વઢવાણિયાએ કર્યો વિદ્યાર્થીનીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ

## નારી વંદન ઉત્સવ હેઠળ 'બેટી બચાવો, બેટી પઢાવો' દિવસની વિશિષ્ટ રીતે થઈ ઉજવણી



ગીર સોમનાથ, તા.૪

જિલ્લામાં નારી વંદન ઉત્સવના બીજા દિવસે 'બેટી બચાવો, બેટી પઢાવો'ના ઉપક્રમના ભાગરૂપે કોફી વિથ કલેકટર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કલેક્ટર શ્રી એચ.કે.વઢવાણિયા તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી રવિન્દ્ર ખતાલેએ મોડેલ સ્કૂલ ઈણાજની વિદ્યાર્થીનીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ કર્યો હતો.આ તકે વિદ્યાર્થીનીઓએ જુદા-જુદા પ્રશ્નો રજૂ કર્યા હતા. જેના કલેકટરશ્રી તેમજ જિલ્લા વિકાસઅધિકારીશ્રીએ પ્રત્યુત્તર પાઠવી જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીનીઓની જિજ્ઞાસા સંતોષી હતી.

આ તકે કલેક્ટરશ્રી એચ કે.વઢવાણિયાએ વિદ્યાર્થીનીઓને પોતાની ચેમ્બરની મુલાકાત કરાવી હતી અને ગીર સોમનાથ જિલ્લા વહીવટીતંત્રની કામગીરી વિશે પણ જાણકારી આપી હતી. કલેક્ટર કચેરી ખાતે જિલ્લા વહીવટી તંત્ર, મહિલા અનેબાળ વિકાસ વિભાગ તથા પ્રાથમિક શિક્ષણાધિકારીના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ વિશિષ્ટ કાર્યક્રમમાં બન્ને ઉચ્ચ અધિકારીશ્રીઓએ વિદ્યાર્થીનીઓ સાથે સીધો સંવાદ સાધી શિક્ષણ ક્ષેત્રે આગળ વધી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરે એવી શુભકામનાઓ પાઠવી હતી. કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીનીઓને જણાવ્યું કે, ઈન્ટરનેટ અને ડિજિટલ મીડિયાના માધ્યમથી આંગળીઓના ટેરવે અઢળક માહિતી પ્રાપ્ત થઈ શકે એમ છે. જેથી અભ્યાસ કરવાના અનેક રસ્તાઓ ખુલી ગયા છે. પળભરમાં જ વિશ્વની કોઈપણ માહિતી પ્રાપ્ત કરી શકાય છે અને સાથે જ કૌશલ્ય પણ પ્રાપ્ત કરી શકાય છે. ઉપરાંત તેમણે UPSC,GPSC જેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કઈ રીતે સફળતા પ્રાપ્ત કરી શકાય તે અંગે માર્ગદર્શિત કર્યા હતાં.જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી રવિન્દ્ર ખતાલેએ યોગ અને પ્રાણાયામથી સ્ટ્રેસ મેનેજમેન્ટ કઈ રીતે કરી શકાય તેમજ આરોગ્ય સંબંધિત તકેદારી માટે માર્ગદર્શન તથા કારકિર્દીલક્ષી સૂચન અને વિભિન્ન ક્ષેત્રોમાં રહેલી તકો વિષે સમજ આપી હતી. આ તકે મોડેલ સ્કૂલ ઈણાજના આચાર્યશ્રી અલ્પાબહેને વિદ્યાર્થીનીઓને આવી સુંદર વાર્તાલાપની તક આપવા બદલ વહીવટીતંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગીર સોમનાથ જિલ્લાના મણીબેન કોટક હાઈસ્કૂલ "મહિલા સ્વાવલંબન દિવસ"ની ઉજવણી કરાઈ





ગીર-સોમનાથ. તા.૪

રાજ્ય સરકારના મહિલા અનેબાળ વિકાસવિભાગ દ્વારા નારી વંદન ઉત્સવ-૨૦૨૩ તા.૧લી થી ૭મી ઓગસ્ટ સુધી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.જે અન્વયે ગીર-સોમનાથ કલેકટર શ્રી એચ કે વઢવાણીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મણીબેન કોટક સ્કુલ વેરાવળ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રામીબહેન વાજાના અધ્યક્ષ સ્થાને"મહિલા સ્વાવલંબનદિવસની" ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ જણાવ્યુ હતુ કે વર્તમાનમાં મહિલાઓને મુશ્કેલીના સમયમાં તાત્કાલીક સહયોગ મળતો થયો છે તેમજ મહિલાઓ માટે વિવિધ યોજનાઓના કારણે મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે.તેમજ વેરાવળ એજ્યુકેશન સોસાયટીના સેક્રેટરી ગીરીશભાઈ કારીયા જણાવ્યુ હતુ કે મહીલાલક્ષી યોજનાઓ આવા કાર્યક્રમોના માધ્યમથી છેવાડાના લોકો સુધી પહોચી રહી છે. જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ મહિલાઓને રોજગાર મેળવવાની માહીતી આપી તેમજ ઈડસ્ટ્રિયલ પ્રમોશન ઓફીસર શ્રી વાઘેલાએ જિલ્લા ઉધોગ કેન્દ્રની વિવિધ યોજનાકીય માહીતી આપી હતી.અને લીડ બેંક મેનેજર ભરતભાઈ વાણીયાએ પ્રધાનમંત્રી સુરક્ષા યોજના, મુદ્રા યોજના સહિતની યોજનાઓથી માહિતી આપવામાં આવી હતી.અને દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી આર.એમ.જીંજાળા દ્વારા સ્વાગત પ્રવચન કરવાંમાં આવ્યુ હતુ અને મહિલા સ્વાવલંબન અને સશક્તિકરણનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ.

તદ્ઉપરાંત મહિલા સ્વાવલંબનની થીમ અનુરૂપ શેરી નાટક યોજવામાં આવ્યુ હતુ તેમજ મહિલા અને બાળવિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા વ્હાલી દીકરી યોજનાના ૧૨ વધુ હુકમપત્રો આપવામાં આવ્યા હતા.તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કચેરી મારફતે મેળવેલ સ્વરોજગાર તેમજ રોજગાર, આપતી જિલ્લાની ૨ મહિલાઓનુ સન્માન તેમજ રોજગાર મેળવવા માંગતા મહિલાઓ માટે ભરતી મેળાનુ આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે એનઆરએલએમના શ્રી પુનિતાબેન દવે,સવજાણી કોલેજના પ્રિન્સિપાલ શ્રી જીગર રાવલ, સંબંધિત વિભાગના અધિકારીઓશ્રીઓ તેમજ કે.એમ.સવજાણી કોલેજની વિદ્યાર્થીનીઓ સહિતની મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# ગીર સોમનાથ વહીવટીતંત્ર દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' થીમ અંતર્ગત શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ



ગીર સોમનાથ. તા.૪ : ગીર-સોમનાથ જિલ્લામાં નારી વંદન ઉત્સવ-૨૦૨૩ના બીજા દિવસે બેટી બચાવો બેટી પઢાવો થીમ આધારીત ગીર સોમનાથ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લા મુખ્ય મથક વેરાવળ ખાતેથી જિલ્લાની વિવિધ શાળાઓમાં બેટી બચાઓ બેટી પઢાવો વિષયને અનુરૂપ પોસ્ટર કોમ્પીટેશન, વોલ પેન્ટીંગ કોમ્પીટીશન, અને વકૃતત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાનું ટેલેન્ટ બતાવ્યું હતું.

# ગીર સોમનાથ જિલ્લામાં બેટી બચાવો બેટી પઢાવો દીવસ ઉજવણી અંતર્ગત PCPNDT એક્ટ વિષે યોજાયો વર્કશોપ



ગીર સોમનાથ. તા.૪ : ગીર-સોમનાથ કલેકટર શ્રી એચ.કે.વઢવાણીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લાવહીવટીતંત્ર દ્વારા નારી વંદન ઉત્સવ-૨૦૨૩ની ઉજવણી તા.૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન કરવામાં આવી રહી છે. જે અંતર્ગત બીજા દિવસે બેટી બચાવો બેટી પઢાવો દિવસની ઉજવણીના ભાગ રૂપે સરદાર વલ્લભ અધ્યાપન મંદિર પ્રભાસ પાટણ વેરાવળ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

જેમા નારી વંદન ઉત્સવ -૨૦૨૩ની ઉજવણીના બીજા દિવસે બેટી બચાવો બેટી પઢાવો દિવસની ઉજવણી અંતગર્ત વ્હાલી દિકરી યોજનાના મંજુરી હુકમનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.તેમજ મહિલાઓના આરોગ્ય અને પોષણ અને PCPNDT એકટ વિશે વર્કશોપ, તેમજ બેટી બચાઓ બેટી પઢાવો થીમ આધારીત સ્ત્રી શસક્તિકરણ નાટક રજૂ કરવામાં આવ્યુ અને જાતિ આધારિત લિંગ પરીક્ષણ અટકાવા અંગે કાર્યક્રમમાં મેડીકલ ઓફિસર જિલ્લા પંચાયત પ્રોજેક્ટ આસિસ્ટન આરોગ્ય શાખા જિલ્લા પંચાયત ગીર સોમનાથ તથા ડિસ્ટ્રિક કો.ઓડીનેટર જેન્ડર સ્પેશિયાલિસ્ટ તેમજ સમગ્ર PCPNDTએકટનો વર્કશોપ યોજાયો હતો.અને સરદાર વલ્લભ અધ્યાપન મંદિર પ્રભાસ પાટણ આચાર્યનાં સહયોગથી કરવામાં આવ્યુ હતુ.

## મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે

# જૂનાગઢ તાલુકા (શહેર) સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ,તા.૪

મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ તાલુકા(શહેર) માટે તા.૨૩/૦૮/૨૦૨૩ના સવારે ૧૧ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, તાલુકા સેવા સદન સરદારબાગ, જૂનાગઢ ખાતે યોજાનાર કાર્યક્રમ માટે જૂનાગઢ તાલુકા શહેર કક્ષાના પ્રશ્નો/ફરિયાદો તા.૧૦/૦૮/૨૦૨૩ સુધીમાં તાલુકા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જૂનાગઢ(શહેર)ને પહોંચતા કરવા સંબંધકર્તા લોકોને વિનંતી કરવામાં આવેલ છે. અરજીના મથાળે જૂનાગઢ તાલુકા (શહેર) માટેનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ લખવાનું રહેશે.

મુખ્યમંત્રીશ્રીનો સ્વાગત ઓનલાઈન (ફરિયાદ નિવારણ) કાર્યક્રમમાં કોઈપણ અરજદારને અરજી કરતા પહેલા ગ્રામ્યકક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી, ગ્રામસેવકને પ્રથમ અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રશ્ન અંગે લેખિતમાં રજૂઆત કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, આ કાર્યક્રમમાં રજૂ થતાં પ્રશ્નો ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ.

આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે અને આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે, સામુહિક રજૂઆતો નહિ થઈ શકે તે પ્રકારની અરજીઓ રજૂ થઈ શકશે તેમ જૂનાગઢ (શહેર) મામલતદારની યાદીમાં જણાવાયું છે.

## આજે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરાઈ

જૂનાગઢ તા.૪

જૂનાગઢમાં નારી વંદન ઉત્સવ અન્વયે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી છે. નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી આજ તા. ૪ ના રોજ જૂનાગઢ જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે સવારે ૧૧ કલાકે કરવામાં આવી હતી. જેમાં વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વ કરતી અગ્રેસર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ગીર સોમનાથ જિલ્લામાં 'બેટી બચાવો બેટી પઢાવો' દિવસ અંતર્ગત

# ICDS શાખા દ્વારા વાનગી સ્પર્ધા અને કિશોરી મેળાઓનું કરાયું આયોજન



ગીર-સોમનાથ.તા.૪

ગીર-સોમનાથ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી વંદન ઉત્સવ -૨૦૨૩ની ઉજવણી તા.૧ થી ૭ ઓગસ્ટ દરમ્યાન કરવામાં આવી રહી છે. જે અંતર્ગત બીજા દિવસે જિલ્લામાં વહીવટીતંત્રના આઈસીડીએસ શાખા જિલ્લા પંચાયતના દ્વારા બેટી બચાવો બેટી પઢાવો દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમ કરવામાં આવ્યા હતાં.

જેમા નારી વંદન ઉત્સવ-૨૦૨૩ના બીજા દિવસે બેટી બચાવો બેટી પઢાવો દિવસની અન્વયે ICDS શાખા જિલ્લા પંચાયત ગીર સોમનાથ દ્વારા ઘટક કક્ષાએ વિભિન્ન આગણવાડી કેન્દ્રો ખાતે વાનગી સ્પર્ધાનુ આયોજન કરાયુ તેમજ કિશોરી મેળાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# મણિપુર મામલે સંસદમાં થતો હંગામો : આખરે તો કરદાતાઓ ઉપર પડતો બોજ

થોડાં વર્ષો પહેલાંની વાત છે. સંસદ સત્ર દરમ્યાન દિલ્હીના કેટલાક સ્કૂલનાં બાળકો સંસદની કાર્યવાહી જોવા પહોંચ્યાં. પરંતુ તેમની મુલાકાત સમયે જ સંસદીય કાર્યવાહી હંગામામાં ફેરવાઈ ગઈ. પાછા ફરતાં બાળકોનું કહેવું હતું કે આટલો હંગામો તો અમારી સ્કૂલની લડાઈઓમાં પણ નથી થતો.

દુનિયાએ શાસનના બહેતરીન મોડેલ તરીકે સંસદીય લોકતંત્રને જ માન્યતા આપી છે. આ વ્યવસ્થામાં સંસદ સર્વોચ્ચ હોય છે, આ જ કારણે આશા રાખવામાં આવે છે કે સંસદીય ચર્ચાઓથી દેશને દિશા મળી શકે છે. પરંતુ હાલનાં વર્ષોમાં લગભગ દરેક સંસદીય સત્રમાં વિપક્ષી જૂથે એક રીતે હંગામો અને કાર્યવાહી ખોરવવાની આદત બનાવી લીધી છે. વિપક્ષી તર્ક હંગામો અને અડચણને પણ લોકતંત્રની પરિભાષામાં ફિટ પણ કરી દે છે! પરંતુ સત્તા પક્ષની જવાબદારી હોય છે કે સંસદની બેઠક થાય, કાયદા પસાર થાય, જેથી વ્યવસ્થામાં કોઈ અડચણ ન આવે.

એમ તો આશા ન હતી કે સંસદનું ચોમાસું સત્ર બહુ સારું જશે. મણિપુરમાં ચાલતો હંગામો અને કેટલાક મહિના બાદ રાજ્યોમાં થનારી ચૂંટણીઓ તેનાં બે ઠોસ કારણ હતાં. સંસદનું સત્ર એવા સવાલોને ઉઠાવવાનો બહેતરીન મોકો હોય છે. તેથી વિપક્ષનો હંગામો ચાલુ છે અને આ સંસદીય સત્ર હંગામાની ભેટ ચડતું જાય છે. કોઈને એની ચિંતા નથી કે હંગામાને કારણે દેશના કરદાતાઓના ખિસ્સા પર કેટલો બોજો પડે છે. સંસદની કાર્યવાહી પર દર કલાકે સરેરાશ દોઢ કરોડ રૂપિયા એટલે કે દર મિનિટે લગભગ અઢી લાખ રૂપિયા ખર્ચ થાય છે. સંસદના બજેટ સત્રના બીજા ભાગમાં ૨૧ દિવસ હંગામો થયો હતો, શોરબકોર વચ્ચે માત્ર છ બિલ પાસ થયાં અને સંસદની બેઠક પર દેશના કરદાતાના બસો કરોડ સ્વાહા થઈ ગયા. દિલચસ્પ એ છે કે આ બધું લોકતંત્રના નામે થયું.

એકંદરે વિપક્ષની માંગ છે કે મણિપુરમાં મહિલાઓની સાથે મેના પહેલા અઠવાડિયામાં થયેલ દુર્ઘટના પર ચર્ચા થાય. સરકાર ચર્ચા માટે તૈયાર પણ છે. પરંતુ વિપક્ષ ચર્ચાને બદલે હંગામા માટે જ તૈયાર હોય તેવું દેખાઈ રહ્યું છે. જોકે તેનો હજુ પણ આરોપ છે કે સરકાર જ નથી ઈચ્છતી કે મણિપુર પર ચર્ચા થાય. આ જ માંગને લઈને ચાલતા હંગામાને કારણે આપ સાંસદ સંજય સિંહ રાજયસભાના આખા સત્ર માટે બરતરફ થઈ ગયા. સમગ્ર વિપક્ષની નજરમાં આ અલોકતાંત્રિક કાર્યવાહી છે, પરંતુ ૨૪ જુલાઈએ રાજસ્થાન વિધાનસભામાં કોંગ્રેસી ધારાસભ્યોએ પોતાના જ પૂર્વ મંત્રી રાજેન્દ્ર ગુઢા સાથે ધક્કામુક્કી કરી. ગુઢાને બતરફ કરીને જબરદસ્તી વિધાનસભામાંથી બહાર કરી દીધા. ગુઢાનો ગુનો એટલો જ હતો કે તેમણે મણિપુરને બદલે રાજસ્થાનમાં આ જ મહિને થયેલા મહિલા અપરાધો પર સવાલ ઉઠાવી દીધો. તેમને વિધાનસભામાંથી બરતરફ કરી દીધા, જ્યારે તેઓ એક ડાયરી સદનમાં રજૂ કરવા માંગતા હતા. તેમનો દાવો છે કે તેમાં અશોક ગેહલોત સરકારનાં કાળાં કારનામાંની નોંધ છે.

જ્યારે આ મુદ્દો કોઈપણ રીતે ઉકેલાતો દેખાતો નથી કે મણિપુરની ઘટનાઓ પર ચર્ચા નિયમ ૨૬૭ અંતર્ગત થાય કે ૧૭૬ અંતર્ગત, ત્યારે વિપક્ષે મોદી સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાનું એલાન કરી દીધું. હવે સ્પીકર અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચાનો સમય નક્કી કરશે. પરંતુ સરકારની સંસદમાં ચર્ચાની પોતાની રણનીતિ છે. તે મણિપુર પર ચર્ચા સાથે જ રાજસ્થાન અને પશ્ચિમ બંગાળમાં ચાલતા મહિલા અપરાધો સાથે જોડાયેલા તથ્યો પણ મૂકવાની તૈયારીમાં છે.

રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો અનુસાર, મહિલા અપરાધ મામલે રાજસ્થાન ત્રણ વર્ષથી પહેલા નંબરે ચાલી રહ્યું છે! ત્યાં જાન્યુઆરી ૨૦૨૦થી એપ્રિલ ૨૦૨૨ સુધી દુષ્કર્મ કે હિંસા થઈ હતી. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓ બાદ પણ હિંસા થઈ હતી. હાલમાં જ થયેલ પંચાયત ચૂંટણી બાદ ફરી હિંસા થઈ રહી છે. ગત દિવસોમાં માલદા જિલ્લામાં બે મહિલાઓ સાથે ગેરવર્તન થયું. વિપક્ષ શાસિત રાજ્યોમાં ચાલતા અનાચારને વિપક્ષ નજરઅંદાજ કરી રહ્યો છે. પરંતુ અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમ્યાન અનાચારની આ તમામ ઘટનાઓ પણ સામે આવશે. ત્યારે વિપક્ષ પર પણ સવાલ ઊઠશે. સરકાર તૈયાર હોવા છતાં વિપક્ષ દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવ આવવાનો સંદેશ સ્પષ્ટ છે. વિપક્ષ પોતાની સરકારોના દામન પર દાગ નથી દેખાડવા માંગતો. લોકસભા ચૂંટણી નજીક છે, તેથી તે બીજેપીની ચાદર વધુ મેલી દેખાડવા માંગે છે, જેથી તેને રાજકીય લાભ થઈ શકે. જ્યારે ચર્ચા થશે તો મણિપુરનાં અન્ય તથ્યો પણ સામે આવશે. જેમ કે લગભગ ૫૨ ટકા આબાદીવાળો મૈતી સમુદાય રાજ્યના માત્ર દસ ટકા વિસ્તારમાં રહેવા મજબૂર છે, જ્યારે તેઓ ત્યાંની મૂળ આબાદી છે. મૈતી સમુદાય રાજ્યના નેવું ટકા પહાડી વિસ્તારમાં જમીન પણ નથી ખરીદી શકતો. કુકી સમુદાયની વધુ પડતી આબાદી ઘૂસણખોરોની જ છે, જેઓ મ્યાંમારથી ઘૂસી આવ્યા છે. કુકી વિસ્તારોમાં ગેરકાયદે અફીણની ખેતી બહુ થઈ રહી છે. ભાજપની હાલની સરકારે અફીણની ખેતી પર લગામ કસવી શરૂ કરી, જેનાથી કુકી સમુદાય ગુસ્સાથી ખદબદતો હતો. તેને સીમા પારથી આતંકી સહયોગ પણ મળતો રહ્યો છે. મૈતી સમુદાયને જ્યારે જનજાતીય દરજ્જો આપવાની અદાલતી ભલામણ આવી, ત્યારે કુકીઓનો ગુસ્સો સપાટી પર આવી ગયો.

દુર્ભાગ્ય છે કે દેશવિરોધી તત્ત્વોનાં આ કરતૂતો પર વિપક્ષનું ધ્યાન જ નથી. અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા સમયે આ તથ્યો પણ રેકોર્ડ પર આવશે. ત્યારે વિપક્ષી જૂથના નરેટિવની પોલ ખૂલશે. છેલ્લે વધુ એક તથ્ય, અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા વિપક્ષે ફરી એક વખત વડાપ્રધાનને મોટું હથિયાર આપી દીધું છે. જ્યારે તેઓ ચર્ચાનો જવાબ આપશે ત્યારે લગભગ આખા દેશની નજર તેમના પર હશે. સ્વાભાવિક રીતે તેમની કોશિશ પોતાની વાતોથી દેશને પ્રભાવિત કરવાની હશે.

### ISROની મોટી કાનૂની જીત

# ૧.3 અબજ ડોલરના કેસમાં અમેરિકન કોર્ટે પલટી નાખ્યો આદેશ

## યુએસ નવમી સર્કિટ કોર્ટે એન્ટ્રિક્સની તરફેણમાં ચુકાદો આપ્યો છે, તેણે નીચલી અદાલતના નિર્ણયને પલટી નાખ્યો

નવી દિલ્હી, તા. ૪

ભારતીય અંતરિક્ષ એજન્સી ઈસરો માટે એક પછી એક સારા સમાચાર આવી રહ્યા છે. હવે તેની કોમર્શિયલ આર્મ એન્ટ્રિક્સે લાંબી કાનૂની લડાઈ જીતી લીધી છે. તેણે બેંગલુરુ સ્થિત દેવસ મલ્ટીમીડિયા અને યુએસમાં તેના વિદેશી રોકાણકારો સામે જીત મેળવી છે. કેલિફોર્નિયામાં નવમી સર્કિટ કોર્ટે એક દાયકા જૂના કેસમાં સિએટલ જિલ્લા કોર્ટના નિર્ણયને પલટી દીધો છે. ટ્રાયલ કોર્ટે એન્ટ્રિક્સ વિરુદ્ધ આદેશ આપ્યો હતો. ૨૦૦૫માં નિષ્ફળ સેટેલાઈટ સોદામાં કોર્ટે એન્ટ્રિક્સને $1.3 બિલિયનની ભરપાઈ કરવા કહ્યું હતું. નવમી સર્કિટ કોર્ટ યુએસની ૧૩ અપીલ કોર્ટમાં સૌથી મોટી છે. તેણે આ ક્રમને સંપૂર્ણ રીતે પલટાવી દીધો છે. એન્ટ્રિક્સ સામેનો ચુકાદો સિએટલ વેસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા ૪ નવેમ્બર, ૨૦૨૦ના રોજ જારી કરવામાં આવ્યો હતો. આને ઉલટાવીને, સર્કિટ કોર્ટે મંગળવારે કહ્યું કે જિલ્લા અદાલતે એન્ટ્રિક્સ પર વ્યક્તિગત અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવામાં ભૂલ કરી છે. જેમાં ૧૯૭૬ના સાર્વભૌમ ઈમ્યુનિટી એક્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સિએટલ ડિસ્ટ્રિક્ટ કોર્ટે તેને મંજૂર કર્યા પછી દેવાસે પાછળથી વર્જિનિયાના પૂર્વીય જિલ્લા માટે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ઓર્ડર નોંધ્યો. પછી ઈન્ટેલસેટ (અમેરિકન સેટેલાઈટ કંપની) એ એન્ટ્રિક્સને બાકી રહેલી $87,457ની રકમ પડાવી દીધી. સર્કિટ કોર્ટના આદેશ બાદ દેવાસ દ્વારા યુ.એસ.માં એન્ટ્રિક્સ વિરુદ્ધ પસાર કરાયેલા તમામ આદેશો રદ કરવામાં આવ્યા છે. એન્ટ્રિક્સના વરિષ્ઠ કાનૂની અધિકારી ચિન્મય રોયે યુએસ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેણે વાતચીતમાં કહ્યું, 'ભારતમાં અગાઉ સુપ્રીમ કોર્ટે દેવાસને ફ્રોડ જાહેર કર્યું હતું. દિલ્હી હાઈકોર્ટે એન્ટ્રિક્સ સામેના આઈસીસી આર્બિટ્રેશન એવોર્ડને રદ કર્યો હતો. તાજેતરમાં નેધરલેન્ડની કોર્ટે પણ એન્ટ્રિક્સની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. તાજેતરના ચુકાદા સાથે દેવાસના ગુનેગારો પર સકંજો કસાયો છે. નવમી સર્કિટ કોર્ટે ચુકાદો આપ્યો, 'કારણ કે અમે માનીએ છીએ કે જિલ્લા અદાલતે એન્ટ્રિક્સ પર વ્યક્તિગત અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવામાં ભૂલ કરી છે. તેથી તેમનો નિર્ણય પાછો ખેંચાયો છે. અમારે અપીલમાં ઉઠાવવામાં આવેલા અન્ય કોઈ મુદ્દામાં જવાની જરૂર નથી. વર્જિનિયાના ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટમાં હસ્તક્ષેપકર્તાઓને ચુકાદો દાખલ કરવાની મંજૂરી આપતો ડિસ્ટ્રિક્ટ કોર્ટનો આદેશ પણ ઉલટાવી દેવામાં આવ્યો છે. ૨૦૦૫માં આંતરરાષ્ટ્રીય આર્બિટ્રેશન ટ્રિબ્યુનલે એન્ટ્રિક્સ સાથે રદ કરાયેલા સેટેલાઈટ સોદા માટે દેવાસને $1.3 બિલિયનનું વળતર આપ્યું હતું. આ આદેશના આધારે, કંપની એન્ટ્રિક્સ અને ભારત સરકારની વિદેશમાં મિલકતો જપ્ત કરવા માટે કાનૂની કેસ ચલાવી રહી હતી. આ મિલકતો કેનેડા, ફ્રાન્સ, અમેરિકા અને અન્ય ઘણા દેશોમાં હતી. દેવાસના શેરધારકોને અગાઉ ક્વિબેક પ્રાંતની કેનેડિયન અદાલતે વૈશ્વિક એરલાઈન્સ સંસ્થા IATA પાસે પડેલા એર ઈન્ડિયાના ૫૦ ટકા ભંડોળને જપ્ત કરવાની મંજૂરી આપી હતી. આ રકમ અંદાજે ૨૩ મિલિયન ડોલર હતી. ફ્રેન્ચ કોર્ટે પણ શેરધારકોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. તેને પેરિસમાં એક મોંઘા એપાર્ટમેન્ટ ફ્રીઝ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જેમાં ભારતના ડેપ્યુટી ચીફ ઓફ મિશન રહેતા હતા. તેની કિંમત ૩.૮ મિલિયન યુરો હતી.

### આગામી સમયથી પોર્ટલ મારફતે કાર્યવાહી કરવા આદેશ

# ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદીલ કરવા ભૂપેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

## હવે ફરજિયાત ઓનલાઈન પોર્ટલ મારફતે જ કાર્યવાહી કરવા ચેરીટી કમિશ્નરને સૂચના અપાઈ

ગાંધીનગર, તા.૪

રાજયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ વધુ પારદર્શક વહીવટ માટે ટેકનોલોજીની મદદથી ડીજીટાઈઝેશન પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યારે ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદિલ કરવા અંગેની કાર્યવાહી જે મેન્યુઅલ કરવામાં આવતી હતી તેને હવે ફરજિયાત ઓનલાઈન e-Auction Portal Application મારફતે હાથ ધરવા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

પ્રવકતા મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલા ટ્રસ્ટોના વહીવટના નિયમન કરવા અંગેની કામગીરી ચેરિટીતંત્ર કરે છે. અત્યાર સુધી ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ની કલમ-૩૬ હેઠળ ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદિલ કરવા અંગેની કાર્યવાહી મેન્યુઅલ કરવામાં આવતી હતી. આ કાર્યવાહીને લીધે તંદુરસ્ત સ્પર્ધાને અભાવે સિન્ડિકેટ થવાની, ઈજારાશાહી વધવાની તથા સ્પર્ધાત્મક ભાવ ન મળવાની શકયતાઓ રહેતી હતી. જેથી આ કાર્યવાહી વધુ પારદર્શક પધ્ધતિથી અને પ્રવર્તમાન સમયમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલકતનું યોગ્ય મૂલ્યાંકન થાય તે માટે કલમ-૩૬ હેઠળની કાર્યવાહી કે જે હાલ મેન્યુઅલી કરવામાં આવતી હતી તેના બદલે આ કાર્યવાહી e-Auction Portal Application મારફતે ફરજીયાત હાથ ધરવા નિર્ણય કરવામાં આવ્યો છે. મંત્રીએ કહ્યું કે, આ અંગે કાયદા વિભાગ દ્વારા ઠરાવ કરી e-Auction Portal Application મારફતે કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવ્યું છે. એટલું જ નહિ, આ ઠરાવ અગાઉ કલમ-૩૬ હેઠળની આપેલી જાહેરાત કે જે અન્વયેની પ્રક્રિયા પૂર્ણ થયેલી નથી તેવી જુદી-જુદી કચેરીઓમાં કુલ-૨૫૭ અરજીઓ પેન્ડીંગ સ્થગિત કરી નવેસરથી e-Auction Portal Application મારફતે જ કાર્યવાહી હાથ ધરવા ચેરીટી કમિશનરને સૂચના આપવામાં આવી છે.

## ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી ગીર સોમનાથ એલસીબી



ઉના તા. ૪

ઉના શહેરમાં રહેતા સાંજયભાઈ વાજાનાં મકાનનું તાળુ તોડી રોકડ રૂા. ૩૦ હજારની ચોરી થયાની ફરીયાદ નોંધાવતાં ગીર સોમનાથ એલસીબીએ અજીત ઉર્ફે ટીલ્લો (પાલીતાણા)નો ઝડપી લઈ રોકડ રૂા. ૧૦,૫૦૦ કબ્જે કરેલ છે. જયારે અજય ઉર્ફે બોડીયો, ભરત ઉર્ફે પથુડોના નામ ખુલતા તેનો ઝડપવા ચક્રો ગતીમાન કરેલ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સતત મહેનત કર્યા વિના કોઈપણ ફળ મેળવી શકાતું નથી.
- ગારિફલ્ડ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ વદ-૩ પંચક, સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૪૮ ક.) તા.૪ ઓગષ્ટ ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૧૬, શત્તતારકા નક્ષત્ર, શોભન યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૨, સૂ.અ.૭:૩૧

આજનો દિવસ બપોરે ૧૨:૪૪ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), રાત્રે ૧૧:૧૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.
વૃષભ : નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મિથુન : માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કર્ક : વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
સિંહ : કાર્યોમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાય.
કન્યા : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
તુલા : ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
વૃશ્ચિક : અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્ભવે.
ધન : ઘરમાં વાદ-વિવાદના પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
મકર : આરોગ્ય બાબતે ચિંતા રહે. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કુંભ : ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
મીન : પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ



# પતિવ્રતાની શક્તિ

પતિવ્રતા સ્ત્રીમાં એક અલૌકીક શક્તિનો સંચાર થાય છે. આપણા ધર્મમાં પતિવ્રતાનો ખૂબ જ મહિમા ગવાયો છે. પૂર્વે ''આવી જ એક પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિવ્રત કર્મના પાલનની શકિત વડે એક તપસ્વી સાધુનું અભિમાન ઉતાર્યું હતું.''કૌશીક નામનો એક સન્યાસી હતો. તે એક વડના ઝાડ તળે ઉગ્ર તપ કરતો હતો. તેનું આ તપ ચાલી રહ્યું હતું. તે દરમ્યાન ''તે વડના ઝાડ ઉપર એક પક્ષી બેઠું હતું તે ચરકયું એટલે તેનું ચરક સીધું આ કૌશીક નામના તપસ્વી સન્યાસી ઉપર પડ્યું. આમ, ''અચાનક જ પોતા ઉપર પક્ષીનું ચરક પડવાથી તે ગુસ્સે ભરાયો તેથી તેને ભયંકર ક્રોધ આવ્યો અને ક્રોધયુકત દ્રષ્ટી વડે તે પક્ષીને તેણે ''જોયું. તેથી તે પક્ષી બળીને ભષ્મ થઇ ગયું. આ ઘટના જોઇને તેને પોતાના તપનું અભિમાન ઉત્પન્ન થયું.''ત્યાર પછી તે કૌશીક નામનો સન્યાસી પોતના એક ગામમાં ભીક્ષા માંગવા માટે ગયો. ફરતો ફરતો તે એક ઘર પાસે આવ્યો''અને કહ્યું, ''હે સંન્નારી, મને ભીક્ષા આપોને...''''એટલે એ ઘરમાંથી ગૃહિણીએ જવાબ આપ્યો, ''એ જરા ઊભા રહે જો... મહારાજ હું જરા વાસણ સાફ કરી રહી છું તે''હાથ ધોઇ હમણા આવી....''''આ પ્રમાણે જવાબ મળ્યો એટલે સંન્યાસી તેના દ્વાર પર ઊભો રહ્યો. તે દરમ્યાન એ ગૃહિણીનો પતિ ઘેર જમવા આવ્યો.''એટલે ગૃહિણીએ તેને પગ ધોવા માટે પાણી આપ્યું. પછી બેસવા માટે આસન આપ્યું અને પછી તેને જમવા માટે થાળી પીરસી તેમાં''થોડો સમય વ્યતિત થઇ ગયો. ભૂખ્યો તરસ્યો એવો કૌશીક નામનો સંન્યાસી ગૃહિણી ન આવતા ખૂબ જ ક્રોધે ભરાયો અને ફરી''એકવાર ભીક્ષા માંગવા માટે બૂમ પાડી, ''ભીક્ષામ્ દેહિ..'' ત્યારે તે પતિવ્રતા સ્ત્રીને યાદ આવ્યું કે બારણે સંન્યાસી પધાર્યા છે અને''હું મારા પતિદેવની સેવામાં તેને સાવ વિસરીજ ગઇ એટલે તરત જ તે ભીક્ષામાં આપવાની વસ્તુઓ લઇને કૌશીક નામના એ''સંન્યાસીને ભીક્ષા આપવા બારણે આવી. એટલે ગુસ્સે ભરાયા એવા એ કૌશીક મહાત્માએ ક્રોધયુક્ત નજર તે ગૃહિણી પર નાખી.''ત્યારે તે ગૃહિણી બોલી ઉઠી કે, ''હું કોઇ વનમાં વડ ઉપર બેઠેલું પક્ષી નથી કે તમે ક્રોધયુક્ત દ્રષ્ટિ મારા ઉપર ફેંકો એથી હું''બળી જાઉં!'' કહી અને મહાત્માજીને ભીક્ષા આપી.''આ સાંભળીને મહાત્માજી ખળભળી ઉઠ્યા અને સાથે સાથે આશ્ચર્યમાં પડી ગયા કે, જંગલમાં બનેલી આ ઘટનાની ઘરમાં''બેઠેલી આ ગૃહિણીને કેમ ખબર પડી ગઇ ? તેથી તેણે એ વિષે જાણવા માટે એને પૂછ્યું કે, ''હે દેવી, જંગલમાં બનેલી એ ઘટનાની''તમને અહીં બેઠા બેઠા કઇ રીતે ખબર પડી ગઇ ? તમે શું કોઇ એવી વિદ્યા જાણો છો ?''''''તમારે એ જાણવું હોય તો મિથિલા નગરીમાં જાવ ત્યાં ધર્મોવ્યાઘ્ર રહે છે તેની પાસે તમે જશો એટલે તમારા એ પ્રશ્નનો''તમને જવાબ મળી જશે.'' ગૃહિણીએ શાંતિથી જવાબ આપ્યો.''તેનો જવાબ સાંભળીને મહાત્મા કૌશીક તો ત્યાંથી રવાના થયા. તેમણે મનોમન નક્કી જ કરી લીધું કે, આ ઘટનાનું રહસ્ય''તો જાણવું જ છે ભલેને ગમે તે થાય. તે દિવસે પોતાનો ભોજન વગેરે પતાવી અને આરામ કર્યો. બીજે દિવસે મહાત્મા કૌશીક તો''ધર્માવ્યાઘ્રને મળવા મિથિલા નગરી તરફ રવાના થયા.''જ્યારે મિથિલા નગરી પહોંચ્યા ત્યારે ત્યાં તપાસ કરી કે, ''ધર્માવ્યાઘ્ર ક્યાં મળશે ?'' ત્યારે કોઇએ તેને બતાવ્યું કે, ''એ તો''તમને કસાઇ વાડામાં મળશે'' એમ કહી કસાઇ વાડાનો માર્ગ બતાવ્યો. એટલે તે મહાત્મા કૌશીક બતાવ્યા પ્રમાણે કસાઇ વાડામાં''પહોંચ્યા. ત્યાં તેમણે પૂછ્યું, ''ધર્માવ્યાઘ્ર ક્યાં મળશે ?'' તેથી કોઇએ તેને બતાવ્યું કે, ''સામે જે માંસ વહેંચે છે અને જેની પાસે ભારે''ઘરાકી જામી છે તે જ ધર્માવ્યાઘ્ર છે'' તેની પાસે ખૂબ જ ગીરદી હતી તે જોઇ અને મહાત્મા કૌશીક દૂર જઇને બેઠા. તેને થયું કે,''ધર્મોવ્યાઘ્ર ધંધામાંથી નિવૃત્ત થાય પછી તેને મળવું તે કંઇક વિચારમાં હતા ત્યાં જ અચાનક ધર્મોવ્યાઘ્ર તેની પાસે આવ્યો અને તેને પગે''લાગીને કહ્યું, ''હે મહાત્માજી, તમે મને મળવા આવ્યા છો અને મને કામમાં થોડું મોડું થયું તે બદલ હું તમારી ક્ષમાં માંગુ છું અને હું''એ પણ જાણું છું કે, તમને પતિવ્રતા નારી શોભનાએ મોકલ્યા છે.''''ધર્માવ્યાઘ્રની વાત સાંભળીને મહાત્મા કૌશીક ફરી એકવાર આશ્ચર્યમાં ઘરકાવ થઇ ગયા. પછી વધુમાં તે વ્યાઘ્રએ કહ્યું,''''આ સ્થાન તમારા જેવા પવિત્ર જીવ માટે લાયક નથી. અહિં ચોતરફ વિવિધ પશુઓના માંસના ઢગલા પડ્યા છે માટે મારે તમને''વહેલી તકે આ વાતાવરણથી દૂર લઇ જવા જોઇએ. હવે તમે ચાલો આપણે મારે ઘેર જઇએ પછી બાકી બધી વાતો કરશું.''''એ પ્રમાણે વાત થતાં મહાત્મા કૌશીક ઊભા થયા અને બન્ને ચાલી રવાના થયા. જ્યારે ધર્માવ્યાઘ્રને ઘેર પહોંચ્યા ત્યારે''ધર્માવ્યાઘ્રએ કહ્યું, ''મહાત્મન્, આપ થોડી વાર બેસો પહેલા હું મારા માતાપિતાની સેવા કરી લઉ ત્યાર બાદ તમારા પ્રશ્નનો ઉત્તર''આપીશ. એમ કહી ધર્માવ્યાઘ્ર પોતાના માતાપિતાની સેવામાં લાગી ગયો. વૃધ્ધ એવા એના માતાપિતા સતત ધર્માને આર્શિવચન''કહી રહ્યાં હતા. ધર્માએ તેને આસન આપી બેસાડ્યા.પીવા પાણી આપ્યું અને ભોજન પીરસ્યું. જ્યારે તેના માતાપિતા બન્નેએ જમી''લીધું એટલે તેમને પથારીમાં સુવડાવ્યા.પછી તે મહાત્મા કૌશીક પાસે આવ્યો અને પોતાની વાત શરૂ કરતાં કહ્યું, ''હે મહારાજ, આ જ આપ મારા મહેમાન થયા''છો હવે તમને સૌ પ્રથમ પહેલી ગૃહિણી વિશે કહું તો એ સંન્નારીનું નામ શોભના છે. તે નિયમ મુજબ પોતાના પતિને દેવ માને છે અને''બધા દેવોની પહેલા તે પોતાના પતિદેવની સેવા કરીને ગૃહસ્થીધર્મ બજાવી રહી છે. તેણે ક્રોધ અને મોહ જેવા શત્રુઓને જીત્યા છે.''તે ધર્મપરાયણ, સંયમી, સાદું, સ્વાધ્યાયનિષ્ઠ અને પવિત્ર જીવન જીવે છે. અને પોતાના ધર્મને સારી રીતે સમજે છે. આમ,''ગૃહસ્થીજીવનની મર્યાદામાં રહી સત્યનિષ્ઠ એવી તે સતી સ્ત્રીના સતત્ત્વને કારણે અને તપોબળને લીધે તમે તેના ઉપર ક્રોધયુકત દ્રષ્ટિ''કરી તોય તેને કશું જ ન થયું અને તેને તેના તપોબળના ફળ રૂપે ત્રિકાળનું જ્ઞાન પ્રાપ્ત થયું છે.'' કહેતા ધર્માવ્યાઘ્રએ આગળ વધાર્યું,''હવે હું તમને મારી વાત કરું. આમ તો, પોતાના વખાણ સ્વમુખે ન ગવાય પરંતુ આજે મારે તે કહેવાની ફરજ પડી છે તેથી કહી રહ્યો''છું. ''હે મહાત્મા, મને મારા માટે નિર્માણ થયું છે તે કસાઇ તરીકેનું કર્મ કરું છું અને બીજાઓએ મારેલા એવા પશુઓનું માંસ વહેંચું''છું જે મારું કર્મ હોઈ મારે કરવું પડે છે. પરંતુ હું પોતે માંસ ખાતો નથી સૌ પ્રથમ મારા માતાપિતા કે અતિથિ હોય તો તેને જમાડી અને''તેમાંથી વધેલું ભોજન જ જમું છું. કોઇની નિંદા હું કરતો નથી. ઋતુકાળે જ હું મારી સ્ત્રીનું ગમન કરું છું. દિવસે હું સદાને માટે''ઉપવાસ રાખું છું અને એક સમયે એટલે કે, રાત્રે જ ભોજન કરું છું. અનીતિથી કોઇનું ધન લેતો નથી. આમ, હું પણ એકનિષ્ઠ અને''નિયમમુજબનું જીવન જીવું છું. તેના પરિણામ રૂપ મને ત્રણે કાળનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. મારાથી તમને કંઇ વધુ કહેવાયું હોય તો ક્ષમા''કરજો. પરંતુ તમે ભલે તપ ઘણું આકરું કર્યું છે પરંતુ એક માત્ર ક્રોધના કારણે તમારૂં તપોબળ નબળું પડી જાય છે. પરમકૃપાળુ''પરમાત્મની આપણા ઉપર કૃપા થાય તો આપણે કોઇનું કલ્યાણ કરવું જોઇએ કોઇને નુકસાન પહોંચાડવા કે બાળીને ભષ્મ કરવામાં''આપણી શક્તિનો દૂરૂપયોગ કરવું એ પાપના પોટલા બાંધવા જેવું કર્મ છે. વળી, તમે તો પવિત્ર બ્રાહ્મણ છો તમારા જેવા બ્રહ્મદેવ તો''સમાજનું કલ્યાણ ઈચ્છે અને કલ્યાણ કરે. બ્રાહ્મણ ક્યારેય સ્વપ્નમાં પણ કોઇનું ખરાબ ન જ ઈચ્છે માટે વધુ તો કંઇ ન કહેતા હું અહિં''અટકું છું. મને લાગે છે કે, તમને તમારા પ્રશ્નનો ઉત્તર મળી ગયો છે અને તમારી શંકાનું સમાધાન પણ થઇ ગયું છે.''ત્યારે કૌશીક નામના મહાત્મા તે ધર્માવ્યાઘ્રને નમી પડ્યા અને કહ્યું, ''ધન્ય છે, સતી નારી શોભનાને અને ધન્ય છે''ધર્માવ્યાઘ્ર એવા તમને કે જેમણે સંસારમાં રહી અને ગૃહસ્થાશ્રમની ફરજો બજાવી અને ત્રિકાળ જ્ઞાન પ્રાપ્ત કર્યું.'' ધર્માવ્યાઘ્રએ''મહાત્મા કૌશીકને ઉદેશીને વધુમાં કહ્યું કે,''હે મહાત્મા હજુ મારે તમને એક વાત કહેવાની રહી જાય છે. જો તે હું તમને ન કહું તો હું''મારું ધર્મ ચૂક્યો છું એમ ગણાશે. તમારા માતાપિતા જ્યારથી તમે વનમાં તપ કરવા ગયા છો ત્યારથી તે તમારા વિના ઝુરે છે. તે''હાલમાં અત્યંત દુઃખી હાલતમાં છે તેમને જાત જાતના કષ્ટો છે. માટે તમારી સૌ પ્રથમ ફરજ એ બને છે કે, તમે ઘેર જાઓ અને''દિનદુઃખીયા એવા તમારા માતાપિતાના તમે આધાર છો તેથી તમારી એકપુત્ર તરીકેની જે ફરજો બને છે તે ફરજો બજાવીને સંસારમાં''ભગવદ્ સ્મરણ કરશો તો તમે કરેલું તપ દીપી ઉઠશે.''''ધર્માવ્યાઘ્રાના આ વચનો સાંભળીને બ્રાહ્મણ પુત્ર એવા કૌશીકને સત્યનું જ્ઞાન થતાં હર્ષ પામ્યા અને પોતાને ઘેર જઇ અને''માતાપિતાની સેવા કરી અને તેમનું ઋણ અદા કરવા તત્પર થયો.

''આજનું ભજન
''ભક્તોનો જીવનસાર;
'આશરો શ્યામ તણો'''એના જીવનનો આધાર,
'આશરો શ્યામ તણો'''સારું-ખોટું, સુખ-દુઃખમાં;
'આશરો શ્યામ તણો'''સૌ ખંખેરી ખસી જાતો....
(૨)''કરતો ઉંચા હાથ, 'આશરો શ્યામ તણો'
''કેડ કસીને ભજન કરવું, એને દહાડો રાત રાત રે,
''બાકીના જે કામ બધાયે.....(૨)
''કરશે દિનાનાથ, 'આશરો શ્યામ તણો'''રહે સંસાર,
સૌ સંગાથે તો યે પરનો પર રે,''આભ તૂટે, દાવાનળ સળગે...(૨)
''દિલમાં નહિં છે ડર 'આશરો શ્યામ તણો'
'''ભય' શબ્દ તો ભુંસાઇ જતો, એના 'શબ્દકોશ' રે
'''પુનીત' ભક્તોના જીવનમાં...(૨)
''સદાય છે સંતોષ, 'આશરો શ્યામ તણો'

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

# ઓખા-બેટ દ્વારકા વચ્ચે દરિયામાં બની રહેલ ૨૩૨૦ મી. લંબાઈ ધરાવતા સિગ્નેચર બ્રિજ ઓકટોબર સુધીમાં તૈયાર થશે

## ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ ધરાવતા બ્રિજના ૩૮ પિલર દરિયામાં ઊભા કરાયા, ડેકોરેટીવ લાઈટિંગ સાથે બ્રિજ ઉપર કુલ ૧૨ લોકેશનમાં વ્યુ ગેલેરીનું આયોજન !



ગાંધીનગર, તા.૪

રાજ્યના ઐતિહાસિક અને પ્રવાસનની દષ્ટિએ મહત્ત્વપૂર્ણ કેન્દ્રોના વિકાસ માટે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અને મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ અમલમાં મૂક્યા છે. તેમાંથી એક છે, ઓખાથી બેટદ્વારકાને જોડતો 'સિગ્નેચર બ્રીજ', જે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. ઓખાથી બેટદ્વારકા જવા માટે અત્યારે ફેરીબોટની મદદથી જવું પડે છે, પરંતુ હવે રૂા. ૯૭૮ કરોડના ખર્ચે આ 'સિગ્નેચર બ્રિજ' બનવા જઈ રહ્યો છે. ઓખાથી બેટદ્વારકા વચ્ચે ૨૩૨૦ મીટરની લંબાઈના આ બ્રિજનું નિર્માણ ચાલી રહ્યું છે, જેના માટે દરિયાઈ બાજ ક્રેનથી સમુદ્રમાં ૩૮ પિલર ઊભા કરવામાં આવ્યાં છે. માર્ચ ૨૦૧૮માં કામગીરી શરૂ થઈ ત્યારથી આજ દિન સુધીમાં આ બ્રિજની ૯૨ ટકા ભૌતિક કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ઓકટોબર ૨૦૨૩ના અંત સુધીમાં આ બ્રીજ પૂર્ણ થાય તેવી તૈયારી છે. આ સિગ્નેચર બ્રિજની વિશેષતાઓમાં તેમાં ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ રહેશે. તથા બ્રિજના મુખ્ય ગાળાની લંબાઈ ૫૦૦ મીટર છે જે ભારત દેશમા સૌથી વધુ લંબાઈ ધરાવતો ગાળો છે. વાહનો પાર્ક કરવા ઓખા તરફ પાર્કિંગ બનાવામાં આવશે. બ્રિજના મુખ્ય ગાળામાં ૧૩૦ મીટર ઊંચાઈ ધરાવતા બે પાયલોન છે. આ ચાર માર્ગીય બ્રિજની પહોળાઈ ૨૭.૨૦ મીટર છે, જેમાં બંને બાજુ ૨.૫૦ મીટરના ફૂટપાથ બનાવવામાં આવશે. ફૂટપાથ ઉપર લગાવેલ સોલાર પેનલથી ૧ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે, જેનો ઉપયોગ બ્રિજ ઉપરની લાઈટિંગ માટે કરવામાં આવશે. વધારાની વીજળી ઓખા ગામની જરૂરિયાત માટે આપવામાં આવશે. બ્રિજ ઉપર કુલ ૧૨ લોકેશન ઉપર પ્રવાસીઓ માટે વ્યુ ગેલેરીનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત બ્રિજ ઉપર રાત્રિ દરમ્યાન ડેકોરેટીવ લાયટિંગની વ્યવસ્થા કરવામાં આવશે. બ્રિજને જોડતા ઓખા તથા બેટ દ્વારકા બંને બાજુએ થઈ ૨૪૫૨ મીટરના એપ્રોચ રોડ બનાવવામાં આવશે.

# રાજ્યમાં ચાલતી ડમી સ્કૂલો સામે લાલ આંખ કરાશે - બોર્ડના તપાસના આદેશ

## શિક્ષણ બોર્ડે રાજ્યના તમામ DEOને પત્ર લખી સ્કૂલો સામે તપાસ કરવા તાકીદ કરી

અમદાવાદ, તા.૪

રાજ્યમાં ચાલતી ડમી સ્કૂલો સામે શિક્ષણ બોર્ડ દ્વારા તપાસ કરવા માટે આદેશ આપ્યો છે. શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યના તમામ DEOને પત્ર લખીને આવી સ્કૂલો સામે તપાસ કરવા માટે તાકીદ કરી છે. શિક્ષણ બોર્ડના આદેશના પગલે અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળે છે. જો, તપાસ દરમ્યાન આવી ડમી સ્કૂલો મળી આવે તો તેની સામે કાર્યવાહી કરી તે અંગેનો અહેવાલ ૭ દિવસમાં મોકલવા માટે પણ બોર્ડે સૂચના આપી છે. ડમી સ્કૂલોને લઈને રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીને પત્ર લખ્યો છે. જેમાં જણાવાયું છે કે, અગાઉ શિક્ષણ બોર્ડ દ્વારા ૬ મેના રોજ જિલ્લામાં કોઈ ડમી શાળાઓ ચાલતી હોય તો તેની અને તેમાં પણ ખાસ કરીને ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સની સ્કૂલોની વિગતો આધાર સાથે મોકલવા પત્ર લખ્યો હતો. પરંતુ મોટાભાગના જિલ્લાઓએ આ માહિતી બોર્ડને મોકલી ન હતી. જેથી હવે આ બાબતે જરૂરી તપાસ કરાવવા તેમજ ઈન્સ્પેક્શન સમયે જો કોઈ ડમી સ્કૂલ જણાઈ આવે તો તેની સામે લીધેલા પગલા સહિતનો અહેવાલ સાત દિવસમાં મોકલવા તાકીદ કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા પત્ર લખી ડમી સ્કૂલોની તપાસનો આદેશ આપતા અમદાવદા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા એજ્યુકેશન ઈન્સ્પેક્ટરોને સ્કૂલોની તપાસ કરવા માટે આદેશ કર્યો છે. સ્કૂલોમાં તપાસ કરવામાં આવ્યા બાદ તે અંગેનો હકીકતલક્ષી અહેવાલ જરૂરી આધાર પુરાવા સાથે રજૂ કરવા માટે પણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા અધિકારીઓને સૂચના આપી છે. આ બાબતે જિલ્લા કક્ષાએથી ક્રોસ વેરિફીકેશન પણ કરવામાં આવશે. શાળાઓમાં શૈક્ષણિક કાર્યના કલાકો દરમ્યાન વિદ્યાર્થીઓ ગેરહાજર ન રહે તે બાબત સુનિશ્ચિત કરવા તાકીદ કરાઈ છે, ત્યારબાદ જો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની જવાબદારી અધિકારીઓને રહેશે તેમ પણ જણાવાયું છે.

# યુવકને 'ગાડી મેરે બાપ કી હૈ રોડ નહીં'ના બોર્ડ સાથે ઉઠ બેસ કરાવનાર પોલીસ સામે અદાલતના તિરસ્કારની અરજી

## કથિત સ્ટન્ટના વાયરલ વીડિયોને લઈ પોલીસે જાહેરમાં સરભરા કરતા પોલીસના વર્તનથી બદનામી થવાથી તેમજ પોલીસે ખોટો કેસ કર્યો હોવાની જુનેદ મિરઝા નામના યુવકની હાઈકોર્ટમાં રજૂઆત : ૨૪ ઓગસ્ટના રોજ થશે સુનાવણી

અમદાવાદ, તા.૪

'ગાડી મેરે બાપ કી હૈ રોડ નહીં' કેસ વાળા જુનેદ મિરઝા દ્વારા બે અરજીઓ ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલી છે. એક અરજી મુજબ સરખેજ પોલીસે નોંધેલી ફરિયાદ રદ કરાવવા માટે હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન કરવામાં આવી છે. જે પિટિશનમાં જસ્ટિસ સમીર દવેએ રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે. સાથે જ સરખેજ પોલીસને આદેશ કર્યો છે કે તેઓ આ સમગ્ર મામલે સોગંદનામું કરીને સ્પષ્ટતા કરે. તે સિવાય અરજદાર જુનેદને વચગાળાની રાહત પણ આપી છે અને કેસની સુનાવણી ૨૫મી ઓગસ્ટના રોજ મુકર્રર કરી છે. આ ઉપરાંત પોલીસે તેની જાહેરમાં ઉઠબેસ કરાવીને બદનામ કર્યો હોવાથી અદાલતના તિરસ્કારની અરજી કરી હતી. આ કેસમાં અરજદાર તરફથી સિનિયર એડવોકેટે હાજર રહીને એવી દલીલ કરી હતી કે, 'પોલીસ દ્વારા બદઈરાદાપૂર્વકની ફરિયાદ નોંધવામાં આવી છે. અરજદાર દ્વારા કારમાં કોઈ સ્ટન્ટ કરવામાં આવ્યો નહોતો કે પછી તેણે ઓવર સ્પીડમાં બેફામ કાર ચલાવી હોય એવો પણ મામલો નથી. તેમ છતાંય તેની પરેડ પોલીસે સિંધુભવન રોડ ખાતે કરાવી હતી.' વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે,'સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયેલા વર્ષ ૨૦૨૧ના વીડિયોના આધારે પોલીસે ફરિયાદ કરી છે. ઘટનામાં સ્પષ્ટ દેખાય છે કે ત્રણ કાર યુ ટર્ન લેતી હતી અને એના સનરૂફમાંથી તેઓ બહાર નીકળ્યા હતા. કોઈ સ્ટન્ટ કે ઓવર સ્પિડીંગનો આ મામલો જ નથી. તેમ છતાંય પોલીસ દ્વારા ફરિયાદ કરવામાં આવી છે.' બીજી બાજુ ડીસીપી ઝોન-૭ ભગીરથસિંહ જાડેજા સહિતના પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધ અદાલતના તિરસ્કારની અરજી કરતા અદાલતને નોટીસ કાઢીને વધુ સુનાવણી આગામી તા. ૨૪ ઓગષ્ટના રોજ રાખી હતી. આ કેસની હકીકત એવી છે કે વાહનોના સ્ટંટના બનાવો પૈકી જુનેદનો પણ એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં તેણે વૈભવી કારમાં વીડિયો બનાવ્યો હતો. તેથી પોલીસતેને પકડીને તેજ સ્થળે લઈ ગઈ હતી અને તેને પાઠ ભણાવ્યો હતો. પોલીસે તેને ઉઠક બેઠક કરાવીને સમજાવ્યું હતું કે ગાડી બાપની માલિકીને છે, પણ રોડ નહીં. કારમાં સ્ટંટ કરીને સામાન્ય નાગરિકોના જીવ જોખમમાં મૂકવાના ગંભીર મામલે સરખેજ પોલીસ સ્ટેશને ફરિયાદ પણ નોંધીને ગુનાની તપાસ હાથ ધરી હતી.

# ચંદ્રયાન-૩ પૃથ્વીની કક્ષા છોડીને ચંદ્ર તરફ આગળ વધ્યું

## ઈસરોએ જણાવ્યું કે મંગળવારે ચંદ્રયાન-૩ને ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું, ચંદ્રયાનનું આગામી સ્ટોપ ચંદ્ર છે




નવી દિલ્હી, તા.૪

ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે. ઈસરોએ જણાવ્યું કે મંગળવારે ચંદ્રયાન-૩ને ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું. ચંદ્રયાનનું આગામી સ્ટોપ હવે ચંદ્ર છે. ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયુંછે અને હવે તેનું આગલું સ્ટોપ ચંદ્ર છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનએ જણાવ્યું કે ચંદ્રયાન-૩ને મંગળવારે ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું. નેશનલ સ્પેસ એજન્સીએ કહ્યું કે 'ચંદ્રયાન-૩એ પૃથ્વીની આસપાસ તેની ભ્રમણકક્ષા પૂર્ણ કરી લીધી છે અને તે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે.' ઈસરોએ જણાવ્યું કે 'ISRO ટેલિમેટ્રી, ટ્રેકિંગ અને કમાન્ડ નેટવર્ક ISTRAC સફળ પેરીજીફાયરિંગ કરવામાં આવ્યું છે. ઈસરોએ ચંદ્રયાન-૩ને ટ્રાન્સલ્યુનર ઓર્બિટમાં મૂક્યું છે. ચંદ્રયાનનું આગામી સ્ટોપ હવે ચંદ્ર છે. ઈસરોએ કહ્યું કે ચંદ્રયાન-૩ ચંદ્ર ઉપર પહોંચતાની સાથે જ તેને ૫ ઓગસ્ટે ચંદ્રની ભ્રમણકક્ષામાં મૂકવાની યોજના છે. મંગળવારના ટ્રાન્સ-લુનર ઈન્જેકશન પછી, ચંદ્રયાન-૩ પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે એવા માર્ગ ઉપર આગળ વધી રહ્યું છે જે તેને ચંદ્રની નજીક લઈ જશે. ISRO 23 ઓગસ્ટે ચંદ્રની સપાટી ઉપર લેન્ડરને સોફ્ટ લેન્ડ કરવાનો પ્રયાસ કરશે. અગાઉ, ૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩ મિશનના પ્રક્ષેપણ પછી, તેની ભ્રમણકક્ષા સતત પાંચ ગણી વધારવામાં આવી હતી. LVM-M4 રોકેટ દ્વારા ચંદ્ર ઉપરના ભારતના ત્રીજા મિશન ચંદ્રયાન-૩ના સફળ પ્રક્ષેપણે માનવોને અવકાશમાં લઈ જવાના દેશના પ્રથમ કાર્યક્રમને મોટો વેગ આપ્યો છે. આ રોકેટનો ઉપયોગ મહત્વકાંક્ષી ગગનયાન મિશન માટે કરવામાં આવશે. ISRO તેના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગગનયાનના સફળ પ્રક્ષેપણ માટે જોરશોરથી કામ કરી રહ્યું છે. આ અભિયાન હેઠળ ૩ લોકોને ૩ દિવસ સુધી પૃથ્વીની ૪૦૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં લઈ જવામાં આવશે અને ત્યારબાદ તેમને સુરક્ષિત રીતે પૃથ્વી ઉપર પાછા લાવવામાં આવશે. સતીશ ધવન સ્પેસ સેન્ટરના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, ૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩ને લઈ જનાર ૪૪.૩ મીટર લાંબુ LVM-3 રોકેટ 'માનવીઓને સુરક્ષિત રીતે અંતરિક્ષમાં લઈ જવામાં' સક્ષમ રોકેટ હશે.

# ૨ હજારની ૮૮ ટકા નોટો બેંકમાં પાછી આવી: RBI

નવી દિલ્હી, તા.૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ મંગળવારે કહ્યું કે, ૩૧ જુલાઈ સુધી ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટોમાંથી લગભગ ૮૮ ટકા બેંકોને પરત કરવામાં આવી છે. એક નિવેદનમાં રિઝર્વ બેંકે કહ્યું કે, બેંકો પાસેથી મળેલી માહિતી સૂચવે છે કે, ૩૧ જુલાઈ સુધી ૩.૧૪ લાખ કરોડ રૂપિયાના મૂલ્યની ૨૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચી લેવામાં આવી છે. RBIએ ૧૯ મેના રોજ ૨૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. આ માટે ગ્રાહકોને ૩૦ સપ્ટેમ્બર સુધી આ નોટો બેંકોમાં જમા કરાવવા અથવા બદલવાની સુવિધા આપવામાં આવી છે. આ ક્રમમાં ૩૧ જુલાઈ સુધી ૩.૧૪ લાખ કરોડ રૂપિયાની ૨૦૦૦ રૂપિયાની નોટો બેંકોમાં પાછી આવી છે. હવે ૪૨,૦૦૦ કરોડ રૂપિયાની માત્ર ૨૦૦૦ રૂપિયાની નોટો જ ચલણમાં છે. જ્યારે આરબીઆઈએ આ નોટોને ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી ત્યારે ૩.૫૬ લાખ કરોડ રૂપિયાની નોટો ચલણમાં હતી. RBIએ લોકોને વિનંતી કરી છે કે, તેઓ સપ્ટેમ્બર સુધીમાં બેંકોમાં જઈને તેમની પાસે રહેલી રૂા.૨૦૦૦ની નોટો જમા કરાવે જેથી કરીને પાછળથી તેમને કોઈ તકલીફ ન પડે.

# છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોમાંથી ૫૦ હજારથી વધુ જવાનોએ નોકરી છોડી

## છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૬૫૮ જવાનોએ આત્મહત્યા કરી, અર્ધલશ્કરી દળોના કાર્યકારી વાતાવરણ અને કલ્યાણને સુધારવા માટે સરકાર દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યા હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૪

સરકારે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં લેખિત માહિતી આપતા જણાવ્યું હતું કે, છેલ્લાં પાંચ વર્ષમાં કેન્દ્રીય પોલીસ સુરક્ષા દળો અને આસામ રાઈફલ્સમાં પચાસ હજારથી વધુ જવાનોએ નોકરી છોડી દીધી છે કે નિવૃત્ત થયા છે. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જવાબમાં કહ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૫૩,૩૩૬ જવાનોએ નોકરી છોડી દીધી છે. કોંગ્રેસના નેતા મનિકમ ટાગોરે અર્ધલશ્કરી દળોની કામકાજની સ્થિતિ અંગે સવાલ પૂછ્યો હતો કે, શું એ વાત સાચી છે કે છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૫૦ હજારથી વધુ જવાનોએ નોકરી છોડી દીધી છે? આ સાથે અર્ધલશ્કરી દળો દ્વારા આત્મહત્યાની ઘટનાઓ વિશે પણ માહિતી માંગવામાં આવી હતી. તેના લેખિત જવાબમાં કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૫૩,૩૩૬ જવાનોએ નોકરી છોડી દીધી છે અથવા નિવૃત્તિ લીધી છે. વર્ષ મુજબના આંકડા આપતા નિત્યાનંદ રાયે કહ્યું કે વર્ષ ૨૦૧૮માં અર્ધલશ્કરી દળોના ૯૨૨૮ જવાનોએ વીઆરએસ (સ્વૈચ્છિક નિવૃત્તિ) લીધી અને ૧૭૧૨ નિવૃત્ત થયા. ૨૦૧૯માં ૮૯૦૮ જવાનોએ વીઆરએસલીધું અને ૧૪૧૫ જવાનો નિવૃત્ત થયા. ૨૦૨૦ અને ૨૦૨૧માં અનુક્રમે ૬૮૯૧ અને ૧૦,૭૬૨ જવાનોએ વીઆરએસલીધું. વર્ષ ૨૦૨૨માં સૌથી વધુ સૈનિકોએ નોકરી છોડી દીધી. સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, ૨૦૨૨માં ૧૧,૨૧૧ જવાનોએવીઆરએસલીધું અને ૧૧૬૯ જવાનોએ નિવૃત્તિ લીધી. આ રીતે, છેલ્લા પાંચ વર્ષમાં, અર્ધલશ્કરી દળના કુલ ૪૭૦૦૦ જવાનોએ વીઆરએસલીધુંછે અને ૬૩૩૬ જવાનો નિવૃત્ત થયા છે. સરકારે આપેલા જવાબ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૬૫૮ જવાનોએ આત્મહત્યા કરી છે. જેમાંથી ૨૦૧૮માં ૯૬ જવાનોએઆત્મહત્યા કરી હતી, જેમાં સેન્ટ્રલરિઝર્વપોલીસફોર્સના ૩૬ જવાન, ૩૨ બીએસએફ, ૫ આઈટીબીપી, ૯ એસએસબી, ૯ સીઆઈએસએફઅને ૫ આસામ રાઈફલ્સનો સમાવેશ થાય છે. એ જ રીતે ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨માં આ આંકડો અનુક્રમે ૧૨૯, ૧૪૨, ૧૫૫, ૧૩૬ હતો. સરકારે માહિતી આપી હતી કે અર્ધલશ્કરી દળોના કાર્યકારી વાતાવરણ અને કલ્યાણને સુધારવા માટે સરકાર દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યા છે.

# સરકાર મિલકતની નોંધણી માટે જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રો શા માટે માંગે છે ?




નવી દિલ્હી તા.૪

સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ જન્મ અને મૃત્યુની નોંધણી સુધારા બિલ ૨૦૨૩ આધારનો ઉપયોગ કરીને મિલકતની નોંધણી માટે જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રો માંગે છે. આ કવાયતના અનેક કારણો છે જેમ કે કરવેરા અને વારસાના દાવા. પરંતુ શાસનની જરૂરિયાતો ઉપરાંત આ ડેટા સંગ્રહ મિલકત બજારોને પણ સત્તા આપે છે. ભારતમાં ૯૦ના દાયકામાં ઉદારીકરણ પછી હાથ ધરવામાં આવેલા પ્રારંભિક પ્રોજેક્ટ્સ પૈકી એક જમીન ખત અને મિલકતના રેકોર્ડનું ડિજિટાઈઝેશન હતું. ત્રણ દાયકા વીતી જવા છતાં હજુ સુધી આ પ્રક્રિયા પૂર્ણ થઈ નથી. રાષ્ટ્રીય સ્તરે કેન્દ્ર સરકાર પંચાયત રાજ મંત્રાલયની SVAMITVA યોજના હેઠળ ડ્રોનનો ઉપયોગ કરીને દરેક જમીનના પાર્સલને ડિજિટાઈઝ કરી રહી છે. પ્રોપર્ટી કાર્ડ્સ અને જિયોગ્રાફિક ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ (GIS) નકશા બનાવવા માટે દરેક જમીનના પાર્સલનું સર્વેક્ષણ કરવાનો વિચાર મુખ્યત્વે જૂના મિલકત વિવાદોને ઉકેલવા અને બજાર અર્થતંત્ર માટે ઉપલબ્ધ કરાવવાનો છે. બદલામાં રાજ્ય સ્વચાલિત કર સંગ્રહ પદ્ધતિને પ્રોત્સાહન આપવા માંગે છે જ્યાં મિલકતના માલિકો ઉપર ખાલી જમીન કર અને અન્ય મિલકત કર લાદવામાં આવે છે. આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં આ પ્રક્રિયા દેશના બાકીના ભાગો કરતાં ઘણી પહેલા પૂર્ણ થઈ ગઈ છે, અમે જોયું છે કે, રાજ્યોએ મિલકત ડીડ્સ સાથે આધારને લિંક કરવાની ફરજ પાડી હતી. તેલંગાણા સરકારના આ પગલાને તેલંગાણા હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. બાદમાં શહેરી મિલકત માટે આધારનો ઉપયોગ કરવાની રાજ્યની ક્ષમતાને મર્યાદિત કરી દેવામાં આવી હતી. જો કે, તેણે ખેતીની જમીનને આધાર સાથે લિંકકરવાની મંજૂરી આપી કારણ કે, ખેડૂતોને સબસિડી મળે છે. માત્ર સબસિડી માટે આધારનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાના સુપ્રીમ કોર્ટના આદેશો સાથે આ એક સમાધાન હતું. તેલંગાણાની સંકલિત લેન્ડ રેકોર્ડ મેનેજમેન્ટ સિસ્ટમ સાથે જમીનના રેકોર્ડના ડિજિટાઈઝેશનની વાત આવે છે, ત્યારે તે યાદ રાખવું જોઈએ કે મૂળભૂત રીતે જમીનના રેકોર્ડની તમામ વિગતો સાર્વજનિક છે. તેલંગાણામાં મહેસૂલ અધિનિયમમાં ખાસ કરીને જમીનનો ડેટાબેઝ બનાવવા માટે સુધારો કરવામાં આવ્યો હતો જેમાં એવી શરત રાખવામાં આવી હતી કે, બેંકો માત્ર ધારાની ડેટાના આધારે જ લોન આપી શકે છે. મિલકત ધારક સરકારને તેની વિગતો છૂપાવવા વિનંતી કરીને ગોપનીયતાના અધિકારનો ઉપયોગ કરી શકે છે, અન્યથા રાજ્ય દરેકની મિલકતની વિગતો ઓનલાઈન પ્રકાશિત કરી રહ્યું છે. અન્ય ઘણા રાજ્યોમાં પણ આવું જ છે જ્યાં માલિકીની વિગતો ઓનલાઈન પ્રકાશિત થાય છે. જમીનના રેકોર્ડ માટે આ ડિજિટાઈઝેશન પ્રક્રિયા સામે અનેક પડકારો છે. આ જમીન ડેટાબેઝ મિલકત માલિકી માટે સત્યનો એકમાત્ર સ્ત્રોત છે. આમ, જો જમીનનો કબજો તમારી પાસે હોય તો પણ જો ડિજિટાઈઝ્ડ લેન્ડ રેકોર્ડ્સ કહે છે કે, રાજ્ય તમારા માલિકીના દાવાઓને માન્યતા આપતું નથી અને જ્યાં સુધી તમે તમારા આધારને લિંક ન કરો ત્યાં સુધી રાજ્ય મિલકત ઉપરના તમારા દાવાઓને માન્યતા આપતું નથી. તમારા બેંક ખાતા સાથ આધારને કેવી રીતે લિંક કરવાથી છેતરપિંડી કરનારાઓને આધાર સક્ષમ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને તમારા પૈસાની ચોરી કરવાની મંજૂરી મળે છે, તે આધારઆધારિત મિલકત રેકોર્ડ સિસ્ટમમાં પણ સમાન નબળાઈ હશે. આધાર ઉપર સુપ્રીમ કોર્ટે જે મર્યાદાઓ મૂકી છે તેને સરકારે તેના નવા કાયદા દ્વારા સંપૂર્ણપણે રદ કરી દીધી છે. આ ખાનગી ક્ષેત્રને આ ડેટાની એકસેસની મંજૂરી આપે છે. જન્મ પ્રમાણપત્રો સાથે વસ્તીને ટ્રેક કરવાના વિચારો દ્વારા સરકાર બજારની જરૂરિયાતો માટે આ ડેટા શેર કરવા માંગે છે. આધારના સમર્થકો દાવો કરે છે કે, આનાથી બેનામી વ્યવહારોને દૂર કરવામાં મદદ મળશે, આ એકબીજું બહાના જેવું લાગે છે. સત્ય એ છે કે, તેમને પ્રોપર્ટી માર્કેટ અને જમીન આધારિત લોનને પ્રોત્સાહન આપવા માટે આ ડેટાની જરૂર છે. આધારને આગળ ધપાવવાનું બહાનું લાંબા સમયથી પર્દાફાશ કરવામાં આવ્યું છે અને કોમોડિફિકેશન અને દેખરેખના વાસ્તવિક ઉદ્દેશ્યને સમજતી વખતે આધાર કેવી રીતે સમસ્યાઓનું નિરાકરણ કરશે તે અંગેના કોઈપણ દાવાને અવગણવામાં આવે છે. આધારને પહેલાથી જ જીવનના દરેક તબક્કે ફરજ પાડવામાં આવે છે. કલ્યાણ, બેંકિંગ, આવકવેરા અને મતદાર આઈડી ઉપર આધાર ફરજિયાત કર્યા બાદ સરકાર મિલકત ધારકો ઉપર તેને ફરજ પાડી રહી છે. જો તમે કોઈ મિલકત અથવા પોતાની મિલકતને વારસામાં મેળવવા માંગતા હો, તો આ આવનારી સિસ્ટમ માટે તૈયાર રહો. કોર્ટના કોઈપણ આદેશો આને રોકી શકશે નહીં. જન્મ અને મૃત્યુની નોંધણી સુધારણા વિધેયક આમ જનતા ઉપર આધારને દબાણ કરવા માટેનો બીજો દરવાજો છે, જે સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલા લોકોને સુરક્ષાની અવગણના કરે છે.

# જૂનાગઢની ભાટુ કોલેજ ખાતે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરાઈ






## જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં માહિલાલક્ષી યોજનાઓ અંગે માર્ગદર્શન અપાયું

જૂનાગઢ તા.૪

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નારી વંદન ઉત્સવ અંતર્ગત શ્રીમતી જે.એન ભાટુ કોલેજ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શાંતાબેન ખટારીયાના અધ્યક્ષ સ્થાને મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓને સરકારી યોજના, સ્વ-રક્ષણ સહિતની માહિતી આપવામાં આવી હતી તથા મહિલા કલ્યાણની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ઈ-શ્રમકાર્ડ, સન્માન, મંજૂરી હુકમ વિતરણ કરવામાં આવ્ય હતા.

જૂનાગઢ શહેરના વાડલા ફાટક પાસે આવેલ શ્રીમતિ જે.એન.ભાટુ કોલેજ ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા નારી ઉત્સવ અંતર્ગત મહિલા સ્વાલંબનની ઉજવણી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ શાંતાબેન ખટારીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. પ્રમુખ શ્રીમતિ શાંતાબેને માહિતીઆપતા જણાવ્યું હતું કે, સરકાર દીકરીઓને પગ ભર કરવા સક્ષમ છે. દીકરીઓ ભણી ગણીને આગળ વધો અને દેશનું નામ રોશન કરો તેમજ સરકારી યોજનાઓ અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહિલાલક્ષી યોજનાઓની માહિતી, મહિલા આઈટીઆઈની માહિતી, જિલ્લા રોજગાર કચેરી અંગેની માહિતી, સ્વરોજગારલક્ષી તાલીમ અને આરસેટી ભવનની માહિતી તેમજ જિલ્લા ઉદ્યોગ સાહસિકતા અંગે બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. તે ઉપરાંત મહિલા કલ્યાણની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ઈ-શ્રમકાર્ડ, સન્માન, મંજૂરી હુકમ વિતરણ કરવામાં આવ્યા હતા અને અંતે નાટક રજૂ કરી મહિલા સ્વાવલંબન અંગે જાણકારી આપવામાં આવી હતી. આ તકે સહકારી દૂધ મંડળીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, કોલેજના ટ્રસ્ટી જગમાલભાઈ વીંછી, મેગેજીંગ ટ્રસ્ટી લખમણભાઈ પીઠીયા, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર, દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી(મનપા) એન. જી. વારસુર, દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી(ગ્રામ્ય) બી.ડી.ભાડ, એસબીઆઇ આરસેટીના ડાયરેક્ટર, જૂનાગઢ લીડ બેંકના મેનેજર, જિલ્લા રોજગાર અધિકારી, શ્રમ અને રોજગાર અધિકારી, મહિલા આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલ તથા કોલેજના પ્રિન્સિપાલ, સ્ટાફ અને વિદ્યાર્થીનીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે ૭૪માં વન મહોત્સવની ઉજવણી કરાશે

## સામાજિક વનીકરણ વિભાગ દ્વારા કાર્યક્રમનું આયોજન

જૂનાગઢ તા. ૪

જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગ ગીર સોમનાથ દ્વારા કેશોદ ખાતે ૭૪ માં વન મહોત્સવ અંતર્ગત આવતીકાલ તા. ૫ ઓગસ્ટના રોજ સવારે ૯-૩૦ કલાકે આદર્શ નિવાસી શાળા માંગરોળ રોડ કેશોદ ખાતે કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શાંતાબેન દિનેશભાઈ ખટારીયા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ વન વિભાગના વરિષ્ઠ અધિકારી ઉપરાંત કલેકટર, ડીડીઓ સહિતના અધિકારીઓ અને વન અને પર્યાવરણ સાથે સંકળાયેલી સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનુંઆયોજન- સંકલન શ્રી પ્રશાંત તોમર નોડલ અધિકારી અને નાયબ વનસંરક્ષક સામાજિક વનીકરણ વિભાગ ,ગીર સોમનાથના માર્ગદર્શનમાં કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૭૪માં વન મહોત્સવના સુચારૂ આયોજન માટે કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના નિર્દેશ મુજબ નિવાસી અધિક કલેકટર શ્રી પી. જી. પટેલ અને નાયબ વન સંરક્ષક શ્રી પ્રશાંત તોમર સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી.

આ બેઠકમાં સરકારી કચેરી સહિતના સ્થળોએ વૃક્ષારોપણ માટે અને વન મહોત્સવની ઉજવણી માટે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. સાથે જ વૃક્ષારોપણની સાથે વૃક્ષ ઉછેર માટે પણ પુરતી કાળજી લેવા બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ પહેલા જ MoU શરૂ

# CMના હસ્તે ગુજરાતમાં ૧,૪૦૧ કરોડના વધુ ૪ MOU, ૫૩૦૦ રોજગારી થશે

## આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ પાંચ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે

અમદાવાદ, તા.૪

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્યમાં માત્ર ૨૪ કલાકમાં જ ઝસ ભૂપેન્દ્ર પટેલ, ઉદ્યોગમંત્રીની ઉપસ્થિતિમાં કેમિકલ સેક્ટરમાં ૧૪૦૧ કરોડ રૂપિયાનાં રોકાણો સાથે વધુ ૪ નવાં MoU થયાં છે. આ રોકાણને લીધે રાજ્યમાં ૨ હજારથી વધુ અપેક્ષિત રોજગારીની તકો ઊભી થશે. કેમિકલ ક્ષેત્રની પ્રતિષ્ઠિત કંપનીઓ દહેજ અને સાયખા GIDCમાં રોકાણો કરશે. ગુજરાત સરકારે વાયબ્રન્ટ સમિટ પૂર્વે પ્રતિ સપ્તાહ MoU ના ઉપક્રમની બે કડીમાં કુલ રૂ. ૨૭૬૧ કરોડના ૧૦ MoU સંપન્ન થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ પાંચ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર તથા વિવિધ ૪ ઉદ્યોગગૃહો વચ્ચે કેમિકલ સેક્ટરમાં ૧૪૦૧ કરોડના કુલ રોકાણો સાથે જિલ્લાના સાયખા તથા દહેજ GIDCમાં ઉદ્યોગો શરૂ કરવા માટેના MoU સંપન્ન.MoU અનુસાર સાયખા અને દહેજ GIDC ૨૦૨૪-૨૫-૨૬ સુધીમાં આ ઉદ્યોગો શરૂ કરવા માટેજે ચાર MoU થયા છે તેમાં ગુજરાત ફ્લોરો કેમિકલ્સ દ્વારા દહેજ-૨માં રૂ.૫૦ કરોડના રોકાણ સાથે જે એકમ સ્થપાશે તે ઈલેક્ટ્રિક વાહનોની બેટરી કેમિકલ્સ તરીકે ઉપયોગમાં લેવાતા લિથિયમ હેક્ષાફ્લોરો ફોસ્ફેટનું ઉત્પાદન કરશે. આશુ ઓર્ગેનિક ઈન્ડીયા પ્રા. લિમીટેડ દહેજ-૩માં રૂ.૧૦૮ કરોડના રોકાણ સાથે ડાઈસ એન્ડ પિગ્મેન્ટ ઈન્ટરમિડીયેટ્સ ઉત્પાદન પ્લાન્ટ શરૂ કરવાના છે.વાયબ્રન્ટ સમિટ દેશ-વિદેશનાં રોકાણકારો, ઉદ્યોગકારો માટે ગ્લોબલ પ્લેટફોર્મ બની રહી છે. આ સંદર્ભમાં વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્ય સરકારે વિવિધ ઉદ્યોગો સાથે અત્યારથી જ MoU કરવાનો ઉપક્રમ પ્રયોજ્યો હતો. કેમિકલ સેક્ટરમાં કુલ ૧૪૦૧ કરોડ રૂપિયાના રોકાણો માટે ૪ ઉદ્યોગગૃહોએ MoU કર્યા. આ ઉદ્યોગો ભરૂચ જિલ્લાની સાયખા તથા દહેજ GIDCમાં પોતાના ઉદ્યોગો શરૂ કરશે અને અંદાજે ૨૨૮૫ જેટલા સંભવિત રોજગાર અવસરો પૂરા પાડશે. આ પહેલાં MoUના ઉપક્રમની બે કડીમાં કુલ રૂ. ૨૭૬૧ કરોડના ૧૦ MoU સંપન્ન થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ ૫૦૦૦થી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે અને આ સમિટને સફળ બનાવવા માટે રાજ્ય સરકારે શ્રેણીબદ્ધ આયોજનો હાથ ધર્યા છે.

## ભેંસના તાજા દૂધમાંથી ચા લાવવાનો આદેશ

# સરકારી ઓફિસમાં ટાઈમ પર ચા ન પહોંચતા નોટિસ ફટકારી

ઝાલાવાડ, તા. ૪

રાજસ્થાનમાં એક ચાવાળાને સરકારે નોટિસ મોકલી હતી. સાંભળવામાં ભલે થોડું વિચિત્ર લાગે પણ આ નોટિસ હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ છે. હાલમાં જ ઝાલાવાડ જિલ્લામાંથી એક કિસ્સો સામે આવ્યો છે, જેમાં સ્વચ્છ ભારત મિશન બ્લોક કોઓર્ડિનેટરે ચાવાળાને નોટિસ ફટકારી હતી. ચાવાળાની ભૂલ ફક્ત એટલી હતી કે તે ઓફિસમાં સમયસર ચા પહોંચાડતો નહોતો. જેને લઈને ઓફિસના કર્મચારીઓએ તેને નોટિસ મોકલી હતી. આ સમગ્ર મામલો ઝાલાવાડ જિલ્લાના મનોહરથાના પંચાયત સમિતિના કાર્યાલયનો છે. બ્લોક કોઓર્ડિનેટર મોહનલાલે પંચાયત સમિતિમાં ચાની દુકાન લગાવતા બિરમચંદને કારણ બતાઓ નોટિસ આપી હતી. આ નોટિસ સમયપર કાર્યાલયમાં ચા ન પહોંચવાના કારણે આપવામાં આવી હતી. નોટિસમાં લખ્યું છે કે, પંચાયત સમિતિ કાર્યાલયમાં ચાની દુકાન લગાવતા વિરમચંદને ફોન કરીને ચા મગાવી, તેના પર તેણે સંતોષજનક જવાબ ન આપ્યો. વિરમચંદે ફોન પર જવાબ આપ્યો કે, ભેંસનું દૂધ કાઢ્યા બાદ ચા લઈને આવું છું. આ આખો મામલો તેના પર આધારિત છે. નોટિસમાં લખ્યું છે કે, ઉપરોક્ત વિષયઅંતર્ગત તમને પંચાયત સમિતિ કાર્યાલયમાં ચા મગાવવા બાબતે, શ્રી મોહનજી દ્વારા ફોન કર્યો હતો, જેમાં તમારા દ્વારા સંતોષજનક જવાબ નથી મળ્યો, તથા સાથે જ તમે ભેંસનું દૂધ કાઢીને ફરીથી ચા લાવવાનું કહેવામાં આવ્યું છે, આ કૃત્ય આપની ઘોર લાપરવાહી બતાવે છે તથા અત્યંત ખેદજનક વિષય છે. તેથી હવે આપ આજની તારીખથી પંચાયત સમિતિ કાર્યાલયમાં ચા લાવતા પહેલા ભેંસનું દૂધ કાઢીને તૈયાર રાખો તથા આજ પછી કોઈ પણ કર્મચારી, અધિકારીના ફોન આવે તો તરત ચા લઈને હાજર થાઓ, નહીંતર આપના વાસણ અને ઠીકરા ઉપાડી ચાલતી પકડજો. સ્વચ્છ ભારત મિશનના બ્લોક કોઓર્ડિનેટર મોહનલાલના કાર્યાલયે નોટિસને ફેક ગણાવી છે. તેમણે કહ્યું કે, પંચાયત સમિતિના કોમ્પ્યુટર ઓપરેટરે લંચ દરમ્યાન હસી મજાકમાં આ નોટિસ ટાઈપ કરી ચાવાળા આપી દીધી હતી. જેને કોઈ વ્યક્તિએ સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધી.

# એસબીઆઈ આરસેટી દ્વારા સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલેશન અને સર્વિસની તાલીમ યોજાશે

## ૧૮ થી ૪૫ વયના ભાઈઓ માટે નિશુલ્ક તાલીમ, ભોજન, આવાસની સુવિધા

જૂનાગઢ,તા.૪

એસબીઆઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ માટે ૧૩ દિવસીય સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલેશન અને સર્વિસ ની તાલીમ યોજાશે.

એસબીઆઈ આરસેટી દ્વારા યોજાનાર તાલીમમાં ભાઈઓને સંસ્થા દ્વારા તાલીમ, ભોજન અને આવાસ ની સુવિધા નિશુલ્ક આપવામાં આવશે. આ તાલીમ દરમિયાન સંસ્થામાં રોકાવું ફરજિયાત છે. આ તાલીમ માટે પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટા, આધારકાર્ડ,રેશનકાર્ડ, માર્કશીટ, શાળા છોડવાનું પ્રમાણપત્ર, બેંકની પાસબુક વગેરેની નકલ અને ઓરીજનલ ડોક્યુમેન્ટ સાથે રાખવાના રહેશે.

આ તાલીમ તા. ૨૧ ઓગસ્ટ થી શરૂ થનાર છે. આ અંગે વધુ માહિતી માટે એસબીઆઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની બાજુમાં બીલખા રોડ, જુનાગઢ ૦૨૮૫ – ૨૬૨૦૯૫૧ મોબાઈલ નંબર – ૯૯૦૪૬ ૪૬૪૬૬ પર સોમવાર થી શનિવાર સુધી ૧૦ થી ૫ વાગ્યા સુધી સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# માળીયાના કડાયા ગામે હુમલાનો ભોગ બનેલની મુલાકાત લેતા કોળી સમાજના આગેવાનો

જૂનાગઢ તા. ૪



જૂનાગઢ જીલ્લાના માળીયા હાટીના તાલુકાના કડાયા ગામમાં દિનેશભાઈ જમનભાઈ વાજા ઉપર અસામાજીક તત્વો દ્વારા હુમલો થયેલ તેમને જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવતા કોળી સમાજના આગેવાનો બટુકભાઈ મકવાણા, કારૂભાઈ કડીવાર, સમજુભાઈ સોલંકી, પંકજભાઈ ભરડા, કે.ડી.સગારકા, રાજુભાઈ જાદવે મુલાકાત લીધી હતી.

# GMERS મેડિકલ કોલેજના ફી વધારા મુદ્દે આંદોલનના ભણકારા

## NSUI દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી ફી વધારો પરત લેવા માંગણી કરી

અમદાવાદ, તા.૪

ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી (GMERS) દ્વારા મેડિકલ કોલેજની ફીમાં ધરખમ વધારો કરવામાં આવતા હવે આંદોલનના ભણકારા સંભળાઈ રહ્યા છે. મેડિકલ કોલેજમાં કરાયેલો તોતિંગ ફી વધારો ગરીબ અને મધ્યમ વર્ગને પોષાય તેમ ન હોવાથી NSUI દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને GMERSની ફીમાં કરાયેલો વધારો પરત લેવા માંગણી કરી છે. સરકાર દ્વારા ફી વધારો પરત લેવામાં નહીં આવે તો આંદોલન કરવામાં આવશે. GMERS મેડિકલ કોલેજોના ફી વધારા સામે NSUIના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે, જેમાં જણાવાયું છે કે, ગુજરાત રાજ્યમાં GMERSની રચના ૧૩ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. રચના વખતે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે, ઓછી ફીમાં ડોકટરો તૈયાર કરવામાં આવશે. પરંતુ ત્યારબાદ સરકારે રાતોરાત GMERSની મેડિકલ કોલેજોની ફીમાં વધારો કર્યો છે તે વિદ્યાર્થીઓ માટે નુકસાનકર્તા છે. રાજ્યની મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરી ડોક્ટર બનવાનું સ્વપ્ન જતો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ચાલુ વર્ષે સરકારી ક્વોટામાં ૬૭ ટકા અને મેનેજમેન્ટ ક્વોટામાં ૮૮ ટકા અને NRI ક્વોટામાં ૩ હજાર ડોલરનો અસહ્ય વધારો કરવાના કારણે ડોક્ટર બનવું મુશ્કેલ બનશે. મેડિકલમાં ૮૮ ટકા સુધીના તોતિંગ ફી વધારાના પગલે વાલીઓ પણ મુંઝવણમાં મૂકાયા છે. ફી વધારો પરત લેવામાં આવે તો જ રાજ્યના વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ કરી શકશે તેમ પણ રજૂઆતમાં જણાવાયું છે. રાજ્યની GMERS કોલેજમાં કરવામાં આવેલો તોતિંગ ફી વધારો પરત ખેંચવામાં આવે તો ગુજરાતના સામાન્ય અને મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ લોન લઈને વિદેશ અભ્યાસ કરવા જવાના બદલે રાજ્યમાં જ રહીને ડોક્ટર બનશે અને તેના લીધે રાજ્યમાં ડોક્ટરોની ઘટ પણ દૂર થશે, જેથી સરકાર દ્વારા તાકીદે ફી વધારો પરત ખેંચવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. જો ફી વધારો પરત ખેંચવામાં નહીં આવે તો સમગ્ર રાજયમાં આંદોલનની NSUIએ ચીમકી ઉચ્ચારી છે.






# મહોરમની શાંતિપૂર્ણ ઉજવણી સબબ મુસ્લીમ આગેવાનોએ તંત્રનો જાહેર આભાર માન્યો

જૂનાગઢતા.૪

જૂનાગઢ શહેર જીલ્લામાં તાજેતરમાંમહોરમના તહેવારની ખુબ શાંતિપૂર્ણ માહોલમાં કોમી એકતા ભાઈચારા સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહોરમના ઝુલુસ દરમ્યાન વહીવટી તંત્ર, પોલીસ તંત્ર, મનપા,પીજીવીસીએલ સહીતના સરકારી તંત્રએ સમગ્ર વ્યવસ્થા જાળવવામાં ખુબ જ અપેક્ષીત સહયોગ કરીને સહકાર આપ્યો છે જે અંગે જૂનાગઢ શહેરના મુસ્લીમ આગેવાનો, વોર્ડ નં. ૮ના કોર્પોરેટર રજાકભાઈ હુસેનભાઈ હાલા, શફીભાઈ સોરઠીયા, શબ્બીરભાઈ શેખ, અજીજભાઈ સોરઠીયા, હનીફભાઈ હાલા, હસનભાઈ ભાવના, અમીનભાઈ શેખ, અમીનાભાઈ શેખ, બસીરભાઈ બીલાલ, આરીફ શેખ, સાકીરભાઈ બેલીમ વગેરેએ સમગ્ર તંત્ર પ્રત્યે અને તમામ હિન્દુ મુસ્લીમ આગેવાનોનો આભાર માની ભવિષ્યમાં પણ આ રીતે સહકાર મળતો રહેશે તેવી લાગણી વ્યકત કરી છે.

# બિપરજોય વાવાઝોડાથી થયેલ નુકસાનીના અંદાજ માટે કેન્દ્ર સરકારની ટીમ દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાતે



દ્વારકા તા.૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બિપરજોયવાવાઝોડાથી વિવિધ વિસ્તારોમાં થયેલ નુકસાનની સ્થળ આકારણી માટે કેન્દ્ર સરકારની ઈન્ટર-મિનિસ્ટેરિયલ સેન્ટ્રલ ટીમ દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાતે આવી હતી. આ ચાર સભ્યોની ટીમે 'બિપરજોય' વાવાઝોડા દરમિયાન પ્રભાવિત થયેલ જિલ્લાનાવિવિધ સ્થળોનીરૂબરૂ મુલાકાત કરી અને જિલ્લા કલેકટર કચેરી ખાતે ગઈકાલે બેઠક પણ કરી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બિપરજોય વાવાઝોડામાં થયેલ નુકસાન અંગે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી-NDMAના સંયુકત સચિવ અનેં સ્ઝ્રના ટીમ લીડર શ્રી હર્ષ ગુપ્તા તેમજ જિલ્લા કલેકટર અશોક શર્મા ની ઉપસ્થિતિમાં જિલ્લાનાવિવિધ વિભાગોસાથે કલેકટર કચેરીના સભાખંડખાતે સમીક્ષા બેઠક પણ યોજી હતી.જેમાં કેન્દ્રીય ટીમને આવકારતાં કલેકટરશ્રીએ બિપરજોય વાવાઝોડાની માહિતી આપતાં કહ્યું હતું કે, અમે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત માર્ગદર્શન અને વહીવટીતંત્રની સજાગતાના પરિણામે વાવાઝોડા દરમિયાન ઝીરો કેજયુલિટીના લક્ષયને હાંસલ કરી શક્યા છીએ.આ તકે કલેકટરશ્રીએ બિપરજોય વાવાઝોડાથી બચવા સ્થાનિક વહીવટીતંત્રએ રાજય સરકારના સંકલનમાં રહીને કરેલી કામગીરીની રૂપરેખા આપી હતી.તેમજ વિવિધ વિભાગોદ્વારા વાવાઝોડામાં નુકસાન અંગે રજૂ કરાયેલ પ્રેઝન્ટેશન પરથી કેન્દ્રીય ટીમેને માહિતગાર કરી જરૂરી વિગતો આપી હતી.

IMCTના ટીમ લીડર શ્રી હર્ષ ગુપ્તા સહિત ટીમના તમામ સભ્યોએ સમીક્ષા બેઠક બાદ આજે જિલ્લાના દ્વારકા શહેર, ભદ્રકેશ્વર મંદરી વરવાળા, ઓખા જેટી અને હર્ષદ વગેરે સ્થળોની રૂબરૂ મુલાકાત લઈ નુકસાની અંગેની જરૂરી સમીક્ષા કરી હતી અને જણાવ્યું હતું કે બિપરજોય વાવાઝોડાથી પ્રભાવિત થયેલા જિલ્લાના વિવિધ સ્થળોની આકારણી કરી નુકસાનનો અંદાજ મેળવી કરેલી કામગીરીની માહિતી મેળવવામાં આવી છે. વાવાઝોડાથી થયેલા નુકસાન અંગે ગુજરાતને જરૂરી સહાય કરવા ભારત સરકાર હકારાત્મક અભિગમ ધરાવે છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.ડી. ધાનાણી, અધિક નિવાસી કલેકટર શ્રી ભૂપેશ જોડાણીયા, નાયબ.પોલીસ અધિક્ષક શ્રી પ્રજાપતિ, વન વિભાગ, પી.જી.વી.સી.એલ., માર્ગ અને મકાન વિભાગ, પશુપાલન, ખેતીવાડી, સિંચાઈ, આરોગ્ય સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓઉપસ્થિત રહ્યા હતા.

# બિલખા તથા પ્લાસવા ગામના પુર હોનારત પિડીત પરિવારોને સત્યમ સેવા યુવક મંડળ - જૂનાગઢ દ્વારા રાસન-કપડાનું વિતરણ કરાયું



જૂનાગઢતા. ૪

જૂનાગઢ શહેર એટલે ભજન - ભોજન તેમજ સેવાકીય કામગીરી નું મુખ્ય કેન્દ્ર ગણાય. આવા સેવાયજ્ઞ મા હમેશાં અગ્રેસર ગણાતી સંસ્થા એટલે સત્યમ સેવા યુવક મંડળ. તાજેતરમાં જૂનાગઢ જીલ્લામાં પુરનો પ્રકોપ ફરી વળ્યો. નદીઓમાં ભયંકર ઘોડાપુર આવતાનિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોનાઘરમાં પાણી ઘુસી ગયા હતા. ગરીબ પરિવારો ના મકાન-ઝુંપડા પાણીમાં તણાઇ ગયા. જેના લીધે હજારો કુટુંબની કિમતી ઘરવખરી બરબાદ થઈ ગઈ. આવા પિડીત પરિવારો મા બિલખા - પ્લાસવા, 66KV દોલતપરા સામે તથા ભરડાવાવ વિસ્તાર ના લોકોની વેદના સંસ્થાના ધ્યાનમાં આવતાં જરૂરિયાતમંદ લોકોને રાશન- કપડા જેમાં તેલ, ખાંડ, ચા, ખીચડી, લોટ, નાસ્તા ના પેકેટ વિગેરે૫૦૦ કીટ નુંવિતરણથયુ જે દાતાઓના સહયોગથીતેમજ અમદાવાદ-રાહી ફાઉન્ડેશનના જયેશભાઈ પરિખ ત્થા નિહારીકા પરિખ દ્વારા સાડી- કપડા ત્થા નિર્મળ વૃજ ફાઉન્ડેશન તેમજ જૂનાગઢ ની સેવાભાવી સંસ્થાઓ માં સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મસમાજ મહાનગર મહીલા પાંખના આરતીબેન જોષી, સંહીતા મહિલા મંડળ ના ચેતનાબેન પંડ્યા, વિણાબેન પંડયા, સાંઇ પ્રકાશચેરી. ટ્રસ્ટ ના ભૃગુતાબેન જોષી, રેખાબેન જોષી, ચામુંડા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી.ના આરતીબેનજોષી, દક્ષાબેન જોષી, પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટના ચેતનાબેન મિશ્રાણી તેમજ વિવિધ સંસ્થાઓના સહયોગથી આ સેવાયજ્ઞ યોજાયો હતો. રાસન કીટનું વિતરણ થતા ગરીબ પરિવારોમા આનંદની લાગણી વ્યાપી હતી. આ સેવાયજ્ઞામાં બિલખાના મહેન્દ્રભાઈ નાગ્રેચા તથા પ્લાસવાના શિવગીરીબાપુ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવાયજ્ઞના સુકાની અનેસેવાના ભેખધારી સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા તેમજ અન્ય સેવાભાવી જેમાં શાંતાબેનબેસ, અલ્પેશભાઈ પરમાર, ચંપકભાઈ જેઠવા, પ્રવિણભાઈ જોષી, પુષ્પાબેન પરમાર, કમલેશભાઈ ટાંક, મનોજભાઈ સાવલીયા, રમેશભાઈ ટુંડીયા ત્થા ઓનલી ઈન્ડિયન ના સહિયારા પ્રયાસથી વિતરણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# કોડીનાર તલાટી કમ મંત્રીઓના આવેદન બાદ સરખડી ગામના મહિલા તલાટીની તરફેણમાં સરપંચ સંઘ મેદાનમાં આવ્યું

## મહિલા તલાટીને યોગ્ય ન્યાય નહીં મળે તો સરપંચ સંઘે આંદોલનની ચિમકી ઉચ્ચારી

(મુગલઅલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૪

કોડીનારમાં સરખડી ગ્રામ પંચાયતના મહિલા તલાટીવિરૂદ્ધ સરખડી ગ્રામ પંચાયતના મહિલા સરપંચ અને તેમના પતિ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો સામે કોડીનાર તલાટી કમ મંત્રી સંઘે આવેદનપત્ર આપ્યા બાદ અનેક પ્રતીકાત્મક આંદોલનો કર્યાબાદ સરખડી ગામના મહિલા તલાટીની તરફેણમાં કોડીનાર સરપંચ સંઘે મેદાનમાં ઝંપલાવી મહિલા તલાટીનેહેરાન કરનાર સરપંચ અને તેના પતિ વિરૂદ્ધ કાર્યવાહી કરવા જીલ્લા વિકાસ અધિકારી નેપત્ર લખી રજૂઆત કરી છે. કોડીનાર સરપંચ સંઘ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ કોડીનાર તાલુકાની સરખડી ગ્રામ પંચાયતમાં તલાટી મંત્રી તરીકે ફરજ બજાવતા કિરણબેન મોરી ઉપર સરખડી ગ્રામ પંચાયતના સરપંચ અસ્મિતાબેન વાળા તથા તેમના પતિ સંજયભાઈ વાળા દ્વારા ઉચ્ચકક્ષાએ ખોટી ફરીયાદ કરી ખોટા કેસોમાં સંડોવણી માટેની પ્રવૃત્તિઓ કરવામા આવેલ છે. સરખડી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે અસ્મિતાબેન વાળા છે પરંતુ સરખડી ગ્રામ પંચાયતની સભાથી લઈને તમામ પ્રકારના વહિવટી કામગીરી સરપંચના પતિ તથા તેમના મળતીયાઓ કરે છે ત્યારે તલાટી કમ મંત્રી દ્વારા સરકારના નિયમો અનુસાર ચુંટાયેલા સરપંચ તથા ચુટાયેલ સભ્યો સિવાયના તેમના પ્રતિનીધીઓનેગ્રામ પંચાયતની સામાન્ય સભામા બેઠવાની ના પડતા તથા ગ્રામ પંચાયતની વહિવટી કામગીરી તમામ માત્ર ચુટાયેલા સરપંચ તથા ચુંટાયેલા સભ્યોઓનેજ કરવા જણાવતા સરપંચના પતિ સંજયભાઈ વાળા તથા મહિલા સભ્યઓના પ્રતિનિધિ દ્વારા તલાટી કમમંત્રી કિરણબેન મોરી ઉપર ખોટી ફરીયાદો કરી ખોટા કેસોમાં ફસાવીદેવાઆક્ષેપો કરી મહિલા તલાટીને હેરાન કરવા ખોટા આક્ષેપો કરવામાં આવેલ હોય તે અનુલક્ષી તલાટી કમ મંત્રીઓ દ્વારા જે આવેદન પત્ર પાઠવેલ હોય તે મુજબ તાત્કાલિક કાર્યવાહી કરવા તથા એકમહિલા તલાટી મંત્રીને ન્યાય મળેતે માટે સરપંચ સંઘે માંગણી કરી છે. સરખડીના સરપંચ અસ્મિતાબેન વાળા તથા તેમની બોડીને બરતરફ કરવા તથા સરપંચ અસ્મિતાબેન વાળા તથા તેમના પતિ સંજયભાઈ વાળા અને તેમની બોડી તથા બોડીના પ્રતિનીધિ ઉપર ધોરણસરની પોલીસ ફરીયાદ કરવા માંગકરી જો સરપંચ અને તેના પતિ વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં નહી કરવામાં આવે તો મહિલા તલાટીને ન્યાય આપવા તલાટી કમ મંત્રીઓ દ્વારા આપવામાં આવેલ હડતાળના એલાનનેટેકો આપી કોડીનાર સરપંચ સંઘ પણ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચીમકી પત્રના અંતમાં ઉચ્ચારતાં કોડીનારના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

# સુત્રાપાડા તાલુકા સરપંચ સંઘના પ્રમુખ તરીકે હીરાભાઈ વાઢેર તથા ઉપપ્રમુખ ભગીરથસિંહ ઝાલા, પ્રતાપભાઈ બાંમણીયાની નિમણુંક



(જાદવચુડાસમા દ્વારા) પ્રાંચી તા. ૪

પ્રાચી તીર્થનાં વડોદરા ઝાલા ગામે મહાબળ બાપાની જગ્યામાં સુત્રાપાડા તાલુકા સરપંચ સંઘની નિમણૂક કરેલ છે. તેમાં સુત્રાપાડા તાલુકા સરપંચ સંઘના પ્રમુખ તરીકે હીરાભાઈ વાઢેર લોઢવાના સરપંચ શ્રીની નિમણૂક કરેલછે તેમજ ઉપપ્રમુખ તરીકે ભગીરથસિંહ ઝાલા વડોદરા ઝાલા સરપંચની નિમણૂક કરેલ છે બીજા ઉપપ્રમુખ તરીકે પ્રતાપભાઈ બાંમણીયા નવા ગામના સરપંચની નિમણૂક કરેલ છે મહામંત્રી તરીકે મસરીભાઈ રાઠોડ સરા ગામના સરપંચની નિમણૂક કરેલ છે મંત્રી તરીકે મસરીભાઈ વાજા પ્રશ્નાવડા સરપંચની નિમણૂક કરી છે તેમજ બીજા મંત્રી તરીકે હિતેશભાઈ ફુલબારીયા સુત્રાપાડા બંદરના સરપંચની નિમણૂક કરેલ છે તેમજ કોષાધ્યક્ષ તરીકે ઈકબાલભાઈ થોરડીના સરપંચની નિમણૂક કરેલછે તેમજ સુત્રાપાડા તાલુકા સરપંચ સંઘની અગિયાર જણાની કારોબારી ની પણ આજે સર્વ સંમતિ સંમતિથી નિમણૂક કરેલ છે તેમાં કારોબારી સભ્ય શ્રી ઓધડભાઈ વાળા ધામળેજ સરપંચ જશુભાઈ સોલંકી બોસન સરપંચ પ્રતાપભાઈ બારડ અમરાપુર સરપંચ ભગવાનભાઈ વાઢેર મોરડીયા સરપંચ મનુભાઈ ચાવડા વિરોદર સરપંચ બહાદુરસિંહ ગોહિલ મોરાસા સરપંચ ભરતભાઈ વાઢેર પાધરૂકા સરપંચ અક્ષયભાઈ વાળા પ્રાસલી સરપંચ પુનાભાઈ વાજા સિગસર સરપંચ અરસીભાઈ બારડ ભુવાટીંબી સરપંચ સુભાષભાઈ નાઘેરા હરણાસા સરપંચ સર્વસમતિથી અગિયાર ની કારોબારીની નિમણૂક કરવામાં આવેલ છે.

# પંચાયતોના આગામી તમામ રાષ્ટ્રીય એવોર્ડ ગુજરાતને લાવવા પંચાયત પરીવારે કમરકસી

ગાંધીનગરતા. ૪

ગુજરાતના પંચાયત મંત્રી અને મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ રાજયકક્ષાના પંચાયત મંત્રી બચુભાઈ ખાબડના માર્ગદર્શન અને દોરવણી નીચે રાજય ગ્રામવિકાસ સંસ્થા તેમજ ગુજરાત પ્રદેશા પંચાયત પરીષદના સંયુકત ઉપક્રમે રાજયભરના ગ્રામ/તાલુકા અને જીલ્લા પંચાયતના પદાધિકારી અને સદસ્યોને તાલીમ આપી આગામી વર્ષે કેન્દ્ર સરકારના ત્રણેયસ્તરના પંચાયતોના એવોર્ડ મહત્તમ ગુજરાતમાં આવે તેમાટે નેશનલપંચાયત એવોર્ડનીવિવિધ કામગીરી૯ થ્રીમ (એસડીજી)ના જે ક્રાઈટ એરીયા નકકી થયેલ તે તમામનેવિગતપૂર્ણ માહિતી અને પ્રશિક્ષિત માહિતી વિગતવાર મળે તે માટે રાજયસ્તરે ઝોન વાઈઝ બેથી ચાર જીલ્લા કલબ કરી તાલીમનુ આયોજન કરેલ છે.

રાજય અને કેન્દ્ર સરકારની સીધી દોરવણી નીચે આ વર્કશોપમાં સરકારના પંચાયત વિભાગના અધિક અગ્ર સચીવ મોના ખંધાર, વિકાસ કમિશ્નર સંદીપકુમાર, રાજયના તમામ જીલ્લા વિકાસ અધિકારીઓ, નીલા પટેલ, નયનાબેન પટેલ, ભરતભાઈ ગાજીપરા સહયોગ કરી રહેલ છે. આ કાર્યક્રમનું આયોજન ધરમશીભાઈ છનીયારા, ઘનશ્યામભાઈ વીરાણી, ઘનશ્યામભાઈ વીરાણી, કામીનીબેન સોલંકી, ભીખુભાઈ આહીર દ્વારા કરવામાં આવી રહેલ છે તેમ ભરતભાઈ ગાજીપરાએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું



(જાદવચુડાસમા દ્વારા) પ્રાંચી તા. ૪

ભારત સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન ની પહેલ કરવામાં આવી છે એના અનુસંધાને આજે યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે ગરવી ચોક ના ગ્રાઉન્ડમાં સમસ્ત ગામ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને કચરો બહાર નાખવામાં આવ્યો હતો અને આખું ગ્રાઉન્ડ સ્વચ્છ કરવામાં આવ્યું હતું અને લોકોને કચરો ન નાખવા અપીલ કરવામાં આવી આ સ્વચ્છતા અભિયાનમાં તાલુકા પંચાયતના સંયોજક છગનભાઈ વાણવી દ્વારા આ પહેલ કરવામાં આવી હતી જેમાં સમસ્ત ગામ દ્વારા વધાવીને આ સ્વસ્થ અભિયાન કરવામાં આવ્યું હતું આ સ્વચ્છતા અભિયાનમાં આગેવાનો, સહિતના લોકો સ્વયંભૂ જોડાયા હતા..

# જૂનાગઢમાં નેચરલ હેલ્થ થેરાપી સેન્ટરમાં વિના મુલ્યે થેરાપી અપાય છે

જૂનાગઢ તા. ૪ જૂનાગઢ અને આજુબાજુના તાલુકામાં રહેતા તમામ વડીલો માટે જૂનાગઢમાં નેચરલ હેલ્થ થેરાપી સેન્ટરમાં છેલ્લા ૮ વર્ષથી વિના મુલ્યે થેરાપી આપવામાં આવે છે. અને નવુ જીવન આપવામાં આવે છે. નેચરલ હેલ્થ થેરાપી સેન્ટરમાં આવી અને થેરાપી લઈ લોકો સાજા થાય અને પોતાનુ જીવન સ્વસ્થ બનાવે તેવો મુખ્ય હેતુ રહેલો છે અને આ લાઈફ ટાઈમ ફ્રી થેરાપીનુ આયોજન કરવામાં આવેલ છે. વધુવિગત માટે હિતેન જાદવ (મો. ૮૧૪૧૪૬૫૭૫૮) નો સંપર્ક સાધવા જણાવેલ છે.

# જૂનાગઢમાં લોઢીયા વાડી ખાતે આજથી મનોરથનો પ્રારંભ

જૂનાગઢતા. ૪

જૂનાગઢમાંપવિત્ર પુરૂષોતમ માસ દરમ્યાન પહેલીવાર સાનિધ્ય ગૃપ તથા જાગનાથ મહિલા સત્સંગ મંડળ દ્વારા મનોરથનું આયોજન કરવામાં આવેલ છે. ચોર્યાશી બેઠકજીના ચાર દિવસ સુધી દર્શન તેમજ બેઠકજી દર્શન સાથે વિશેષ મનોરથ યોજાશે. આજે સવારે ગિરીરાજજી દર્શન, સાંજે અષ્ટસખા દર્શન, ૫ ઓગસ્ટના રોજ સેવાગોપી દર્શન અને રાસલીલા દર્શન, ૬ ઓગસ્ટના રોજ છાકલીલા દર્શન, છપ્પનભોગ દર્શન, તા. ૭ ઓગસ્ટેચુંદડી મનોરથ દર્શન, શ્રી ગુંસાઈજીના સાત લાલન દર્શન લોઢીયા વાડી, જલારામ સોસાયટી જૂનાગઢ ખાતે યોજાશે.

# જૂનાગઢ શહેર-જીલ્લામાં ટ્રાફીક ડ્રાઈવ : કુલ ૯૬૭ સામે કાર્યવાહી

જૂનાગઢતા.૪

જૂનાગઢ શહેર અને જીલ્લામાં બે દિવસમાં પોલીસ દ્વારા કાળા કાચ, ટ્રીપલ સવારી, નંબર પ્લેટ વગરના વાહનો તથા ઓવર સ્પીડ કરનાર કુલ ૯૬૭ શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

જૂનાગઢ શહેર ખાતે ભીડભાડવાળા તથા આમ પબ્લીકના હરવા ફરવા માટેના તેમજ ખરીદી કરવા માટેના તથા શહેરમાં આવેલ એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ ઉપર તથા નાકા પોઈન્ટ ઉપર જૂનાગઢ ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલીયા, એ, બી, સી ડીવીઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ તથા જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દ્વારા કુલ ૧૧ પોઈન્ટ તેમજ કેશોદ ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક બી.સી. ઠકકર, નાયબ પોલીસ અધિક્ષક ડી.વી. કોડીયાતર દ્વારા વાહન ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

# જૂનાગઢના નવનિયુકત જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનું સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સન્માન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૪

જૂનાગઢના નવનિયુકત એસપી હર્ષદ મહેતાનુંસમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરી આવકારવામાં આવ્યા હતા. આ તકે સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનના સંસ્થાપક જયદેવભાઈ જોષી તેમજ જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ કે.ડી. પંડયા, શહેર પ્રમુખ પ્રફુલભાઈ જોષી, પ્રફુલભાઈ ત્રિવેદી, મનોજભાઈ જોષી, કાર્તિકભાઈ ઠાકર, હસુભાઈ જોષી, શૈલેષ પંડયા, ભરતભાઈ તેમજ રૂપલબેન લખલાણી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.


## :: CHANGE OF NAME ::

I, the undersigned have changed my name from VAKHARIA MOHMADIMRAN ABDULHAMID to VAKHARIYA MOHAMMADIMRAN ABDULHAMID. Now I would be known as VAKHARIYA MOHAMMADIMRAN ABDULHAMID

VAKHARIYA MOHAMMADIMRAN ABDULHAMID.
MANGROL, JUNAGADH, GUJARAT


## :: જાહેર નોટીસ ::

જૂનાગઢ વિસા પોરવાડ વણિક જ્ઞાતિ જૂનાગઢ તે બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ હેઠળ એ-૩૨૫/જૂનાગઢથી નોંધાયેલ ટ્રસ્ટ અને તેના બધા જ ટ્રસ્ટીઓની સુચનાથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે ટ્રસ્ટની માલીકીની ફુલીયા હનુમાન રોડ જૂનાગઢમાં આવેલ આનંદ વાડીના નામે ઓળખાતી સ્થાવર મિલકતના બધા જ ભાડુઆતો/કબજેદારોને જાણ કરવાની કે જૂનાગઢ મ્યુનીસીપલ કોર્પોરેશન કલમ-૨૬૪ હેઠળ ભયજનક મિલકતો ઉતારી લેવા માટે ટ્રસ્ટને નોટીસ આપેલી છે આ નોટીસના અનુસંધાને ટ્રસ્ટે કોર્પોરેશનને જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવેલ છે આથી દરેક ભાડુત/કબજેદારોને જાણ કરવાની કે ભયજનક ભાગ જાતે ઉતારી લેવા અથવા તો કબજાવાળો ભાગ સુરક્ષિત દિવસ-૫માં કરાવી લેવો નહી તો કોર્પોરેશન દ્વારા કોઈ પગલા ભરવામાં આવશે તો તે અંગે ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓ કોઈ જવાબદાર રહેશે નહી જેની તમામ ભાડુતો/કબજેદારોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે.

તા.૦૪/૦૮/૨૦૨૩ (કિરીટ બી. સંઘવી)
જૂનાગઢ. એડવોકેટ-જૂનાગઢ.
તે અસીલની રૂબરૂ સુચનાથી...

